જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

VOTE GUJARAT લોકસભા ELECTION - 2024

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય | સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૧૨૩ જૂનાગઢ તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 123, Junagadh : Date : 07 May, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 • Ph. : (0285) 2621000/ 2651800 / E-mail : saurashtrabhoomi@gmail.com/ Website : www.saurashtrabhoomi.com

# ૧૧ રાજયોની ૯૩ લોકસભા બેઠકો પર પ્રારંભીક ૪ કલાકમાં સરેરાશ ૨૫ ટકા મતદાન



નવી દિલ્હી તા. ૭

આજે લોકસભાની ચૂંટણીનાં ત્રીજા તબક્કામાં ૧૧ રાજયોમાં ફેલાયેલી લોકસભાની ૯૩ બેઠકો પર સવારનાં ૭ કલાકથી મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રારંભીક ૪ કલાકમાં એટલે કે બપોરનાં ૧૧.૦૦ કલાક સુધી સરેરાશ ૨૫ ટકા મતદાન થયું છે. આજે જયાં મતદાન યોજાઈ રહયું છે તે તમામ રાજયોમાં હીટવેવની સ્થિતિ જોવા મળી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કર્ણાટકમાં સવારનાં ૧૧ કલાક સુધીમાં ૨૫ ટકા મતદાન નોંધાયું છે.

મધ્યપ્રદેશ ૩૦.૨૧ ટકા, આસામ ૨૭.૩૪ ટકા, ગુજરાત ૨૪.૩૫ ટકા, બિહાર ૨૪.૪૧ ટકા, ઉત્તરપ્રદેશ ૨૬.૧૨ ટકા, છત્તિસગઢ ૨૯.૯૦ ટકા ગોવા ૩૦.૯૪ ટકા, પશ્ચિમ બંગાળ ૩૨.૮૨ ટકા મતદાન નોંધાયું છે. જયારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછું માત્ર ૧૮.૧૮ ટકા મતદાન નોંધાયું છે. જયારે સરેરાશ ટકાવારી ૨૫ ટકાની આસપાસ રહી છે.

ઉપરાંત તટીય ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, યનમ, રાયલ-સીમા, તામિલનાડુ, પોંડીચેરી અને કરાઈકલ, કેરલ અને માહેમાં ગરમ હવામાન રહેવા સંભાવના છે. જયારે પશ્ચિમ રાજસ્થાન, સોરાષ્ટ્ર, કચ્છ અને આંતરિક કર્ણાટકના અલગ-અલગ વિસ્તારોમાં લુની સ્થિતિ બની રહેશે. આમ કાળઝાળ ગરમી વચ્ચે મતદાન યોજાઈ રહયું હોય, મતદાનની ટકાવારી ૬૦ ટકા આસપાસ રહેવાની ધારણા છે.

બપોરનાં સમયે મતદાનની ગતિ ધીમી રહયા બાદ સાંજે છેલ્લા ૨ થી ૩ કલાક દરમ્યાન મતદાન થશે તેવું માનવામાં આવી રહયું છે. ત્રીજા તબકકામાં પણ મતદાનની ટકાવારી ઘટશે તેવા અહેવાલો મળી રહયા છે.

આ સંજોગોમાં દેશભરમાં મતદાનની ટકાવારીમાં ઘટાડો થતાં પરીણામો પર તેની અસર દેખાશે. હજુ મતદાનનાં ચાર તબકકા બાકી છે જેમાં હવે પછીનો ૪થો તબકકો ૧૩ મેનાં રોજ યોજાશે જેમાં ૯૬ બેઠકો પર મતદાન યોજાશે. અત્યાર સુધીનાં ત્રણ તબક્કામાં ૨૮૪ બેઠકો પર મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે.

# ગુજરાતની ૨૫ લોકસભા બેઠકો પર પ્રારંભીક પાંચ કલાકમાં સરેરાશ ૩૦ ટકા મતદાન

## બનાસકાંઠામાં સૌથી વધુ ૩૪ ટકા અને પોરબંદરમાં સૌથી ઓછું ૨૪ ટકા મતદાન

અમદાવાદ તા. ૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે આજે ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે સુરત બેઠક બિનહરિફ થઈ જતા ભાજપને ફાળે ગઈ છે. આમ હવે ૨૫ સીટ પર ભાજપ અને ઈન્ડિયા ગઠબંધન વચ્ચે જંગ જામ્યો છે. આ ઉપરાંત પોરબંદર, વિજાપુર, ખંભાત, વાઘોડિયા અને માણાવદર એમ પાંચ વિધાનસભા સીટની પેટાચૂંટણી પણ યોજાઈ રહી છે. લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો વચ્ચે રહી છે. ૨૫ લોકસભા સીટ માટે ભાજપના ૨૫, કોંગ્રેસના ૨૩ અને આપના ૨ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. આ ઉમેદવારોમાં પરસોતમ રૂપાલા, અમિત શાહ અને મનસુખ માંડવિયા ૪ કેન્દ્રીય મંત્રી છે.

ગુજરાતની ૨૫ બેઠકો પર પ્રારંભીક પાંચ કલાકમાં સરેરાશ ૩૦ ટકા મતદાન નોંધાયું હતું. જેમાં સૌથી વધુ બનાસકાંઠામાં ૩૪ ટકા અને સૌથી ઓછું પોરબંદરમાં ૨૪ ટકા વોટિંગ થયું હતું. ગુજરાતના રાજકારણનું એપી સેન્ટર સૌરાષ્ટ્ર-કચ્છની બેઠકો પર મતદાન સૌથી વધારે મહત્વનું ગણાય રહયું છે. સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠક પર મતદાન પ્રક્રિયા આગળ ધપી રહી છે. સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટમાં મતદાન દરમિયાન ઘણા ઉતાર-ચડાવ જોવા મળી શકે છે. સવારના ૬ વાગ્યાથી લોકોએ મતદાન મથકો પર લાઈનો લગાવી દીધી હતી. રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિશેના વિવાસ્પદ નિવેદનની પણ અસર જોવા મળી રહી છે તેવું સુત્રો જણાવી રહયા છે. રાજકોટ બેઠક પર કોંગ્રેસમાંથી દિગ્ગજ નેતા પરેશ ધાનાણીને ઉતારવામાં આવ્યા છે. એટલે કે, અહીં લેઉવા-કડવા પટેલ વચ્ચે જંગ જામ્યો છે.



# જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં ૧૨ વાગ્યા સુધીમાં ૨૭ ટકા મતદાન



જૂનાગઢ તા. ૭

૧૩- જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં આજે સવારે ૭ કલાકથી મતદાન યોજાઈ રહયું છે અને આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રારંભીક પાંચ કલાકમાં એટલે કે ૭ થી ૧૨ સુધીમાં ૨૭ ટકા મતદાન થયું છે. જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં કુલ ૧૭,૯૫,૧૧૦ મતદારોમાંથી ૪ કલાકમાં ૪,૧૮,૬૧૫ લોકોએ મતદાન કર્યુ હતું. જયારે વિધાનસભા વિસ્તાર પ્રમાણે મતદાનની ટકાવારી જોઈએ તો ૮૬- જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં ૨૧.૮૯, વિસાવદર ૨૦.૧૯, માંગરોળ - ૨૩.૫૪, સોમનાથ ૨૪.૬૦, તાલાળા ૨૪.૮૮, કોડીનાર ૨૪.૪૫ અને ઉનામાં ૨૪.૮ ટકા મતદાન થયું છે. આમ જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ૭ વિધાનસભા મત વિસ્તારમાં સરેરાશ ૨૭ ટકા મતદાન નોંધાયું છે.

જૂનાગઢની બેઠક પર ભાજપ - કોંગ્રેસ વચ્ચે જંગ છે જેમાં ભાજપનાં ઉમેદવાર રાજેશ ચુડાસમા અને કોંગ્રેસનાં ઉમેદવાર હીરાભાઈ જોટવા વચ્ચે સ્પર્ધા છે. રાજેશભાઈ ચુડાસમાએ તેમના વતનચોરવાડ ખાતે જયારે હીરાભાઈ જોટવાએ સુપાસી ખાતે મતદાન કર્યુ હતું.

જયારે માણાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં સરેરાશ ૨૦.૯૦ ટકા મતદાન થયું છે.

# સુનિતા વિલિયમ્સ સાથેનાં નાસાનાં ત્રીજા અવકાશ મિશનનું પ્રક્ષેપણ મોકુફ : ટેકનીકલ ખામી સર્જાઈ

નવી દિલ્હી, તા.૭

ભારતીય મૂળની અમેરીકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આજે ત્રીજી વખત અવકાશમાં જવા માટે તૈયાર હતી, પરંતુ બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં ટેકનિકલ સમસ્યાઓના કારણે તે ઉડાન થોડા સમય પહેલા જ મોકૂફ રાખવામાં આવી હતી.નાસાએ કહ્યું કે રોકેટના વાલ્વમાં સમસ્યાના કારણે આ પ્રક્ષોપણ રોકવું પડ્યું. અવકાશયાનના ફરીથી પ્રક્ષેપણ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.સુનિતા વિલિયમ્સ બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં ઉડાન ભરવાની હતી. બુચ વિલ્મોર નામના અન્ય અવકાશયાત્રી તેમની સાથે આ મિશન પર જવાના હતા. અમેરિકન સ્પેસ એજન્સી નાસા અનુસાર, આ સ્પેસક્રાફ્ટ ભારતીય સમય અનુસાર સવારે ૮:૦૪ વાગ્યે લોન્ચ થવાનું હતું. તે કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ થવાનું હતું.બોઈંગ સ્ટારલાઈનર દ્વારા અવકાશયાત્રીઓને પ્રથમ વખત અવકાશમાં લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અગાઉ, Boe-OFT, 2019 માં અને Boe-OFT2 2022 માં લોન્ચ કરવામાં આવી હતી.સુનિતા વિલિયમ્સ આ પહેલા પણ બે વખત અવકાશની યાત્રા કરી ચૂકી છે. આ પહેલા તે ૨૦૦૬ અને ૨૦૧૨માં અંતરિક્ષમાં જઈ ચૂકી છે. નાસાના જણાવ્યા અનુસાર તેણે કુલ ૩૨૨ દિવસ અંતરિક્ષમાં વિતાવ્યા છે. ૨૦૦૬માં સુનીતાએ ૧૯૫ દિવસ અંતરિક્ષમાં અને ૨૦૧૨માં ૧૨૭ દિવસ વિતાવ્યા હતા.૨૦૧૨ના મિશનની ખાસ વાત એ હતી કે સુનીતાએ ત્રણ વખત સ્પેસ વોક કર્યુ હતું. અવકાશયાત્રીઓ સ્પેસ વોક દરમિયાન સ્પેસ સ્ટેશનની બહાર આવે છે. જોકે, પ્રથમ સફર દરમિયાન તેણે ચાર વખત સ્પેસ વોક કર્યુ હતું. સુનિતા વિલિયમ્સ અવકાશમાં પ્રવાસ કરનાર ભારતીય મૂળની બીજી મહિલા છે. તેમના પહેલા કલ્પના ચાવલા અવકાશમાં ગઈ હતી.સુનિતા વિલિયમ્સ ૧૯૮૭માં યુએસ નેવલ એકેડમીમાંથી સ્નાતક થયા બાદ નાસા પહોંચી હતી. ૧૯૯૮ માં, તેઓ નાસામાં અવકાશયાત્રી તરીકે પસંદ થયા. તેમના પિતા દીપક પંડ્યા ૧૯૫૮માં અમદાવાદથી અમેરિકામાં સ્થાયી થયા હતા. સુનીતાનો જન્મ ૧૯૬૫માં થયો હતો. યુએસ નેવલ એકેડમીની ગ્રેજ્યુએટ સુનિતા વિલિયમ્સે પણ ફાઈટર પ્લેન ઉડાવ્યા છે. તેમની પાસે ૩૦ પ્રકારના ફાઈટર એરક્રાફ્ટ પર ત્રણ હજાર કલાકથી વધુ ઉડ્ડયનનો અનુભવ છે.

# વડાપ્રધાન મોદીએ રાણીપની નિશાન સ્કૂલમાં મતદાન કર્યુ

અમદાવાદ તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપની નિશાન સ્કુલમાં સવારે ૭.૪૫ કલાકે મતદાન કર્યુ હતું. વડાપ્રધાન ગતરાત્રીના જ અમદાવાદ પહોંચી ગયા હતા અને રાજભવનમાં રાત્રીરોકાણ કરી સવારે અમદાવાદમાં તેમના મતદાન મથકમાં મતદાન કર્યુ હતું.

મોદીની સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ જોડાયા હતા. બન્ને નેતાઓને આવકારવા માર્ગો પર ભારે ભીડ બન્ને તરફ ઉમટી હતી અને મોદી મોદીના નારા લગાવતા હતા. રાણીપમાં અંબિકા ચાર રસ્તા પરથી વડાપ્રધાન મોદીએ તેમનો કાફલો રોકી દીધો હતો અને પછી ચાલતા મતદાન મથક ખાતે ગયા હતા અને પોતાનો મત નાખ્યો હતો. બાદમાં અમીત શાહ પણ જોડાયા હતા.

મોદી તેમને આવકારવા જે ભીડ ઉમટી હતી તેની પાસે પહોંચ્યા હતા અને એક વૃદ્ધ મહિલાએ વડાપ્રધાન મોદીને રાખડી બાંધી હતી મોદીએ ભીડમાં પણ તેમની સામે રહેલા એક મહિલાના હાથમાં રહેલા નાના બાળકને રમાડયું હતું. મોદીએ બાદમાં લોકોને તડકા પુર્વે જ મતદાન કરવા માટે અપીલ કરવાની સાથે તેમના સ્વાસ્થ્યનું ખાસ ખ્યાલ રાખવા અનુરોધ કર્યો હતો.



આ અગાઉ મોદીએ આજે દેશમાં જે જે રાજયમાં મતદાન યોજાઈ રહ્યું છે તે રાજયની ભાષામાં ટવીટ કરીને લોકોને વધુને વધુ મતદાન કરવા અપીલ કરી હતી. ગુજરાતીમાં તેઓએ ટવીટ કરીને લોકશાહીનાં આ મહાપર્વમાં આપની સક્રીય ભાગીદારી ચોકકસપણે ચુંટણીને ગતિશીલ બનાવશે તેવું જણાવીને લોકોને મતદાન કરવા અપીલ કરી હતી.

વડાપ્રધાન મોદીએ કહયું કે લોકશાહીમાં મતદાન એક સાધારણ દાન નથી આપણા દેશમાં દાનનું ખૂબજ મહત્વ છે અને તેજ ભાવના સાથે દેશવાસીઓએ બને તેટલું વધુ મતદાન કરવું જોઈએ

# ગાઝામાં યુધ્ધ વિરામ અંગેનો પ્રસ્તાવ હમાસે સ્વીકાર્યો : વેબસાઈટ પર જાહેરાત

કૈરો તા. ૭

ગાઝા પટ્ટીમાં રફાહ ઉપરના ઈઝરાયેલી આક્રમણ પહેલા જ હમાસે 'ગાઝા સમાધાન'ની દરખાસ્ત સ્વીકારી લીધી છે. મધ્યસ્થી બનેલા કતાર અને ઈજિપ્તને હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહે રફાહ પર નિકટવર્તી ઈઝરાયેલના આક્રમણ અંગે વૈશ્વિક આક્રોશ વચ્ચે , હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહે સોમવારે મધ્યસ્થી કતાર અને ઈજિપ્તને જાણ કરી હતી કે તેમના પેલેસ્ટિનિયન જૂથે ગાઝામાં યુદ્ધવિરામ માટેના તેના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.

કૈરોમાં સપ્તાહના અંતમાં વાટાઘાટો દરમિયાન, ૭ મહિનાના યુદ્ધને સમાપ્ત કરવાની પેલેસ્ટિનિયન સંગઠનની માંગ પર લડતા પક્ષો વચ્ચેના મતભેદ વચ્ચે આ બાબત બહાર આવેલ છે. ઈજિપ્તના રાજ્ય-સંબંધિત મીડિયાએ જણાવ્યું હતું કે રવિવારે હમાસની સશસ્ત્ર પાંખ દ્વારા કરાયેલા રોકેટ હુમલામાં ચાર ઈઝરાયેલી સૈનિકોના મોત થયા બાદ વાટાઘાટો અટકી પડી હતી. "હમાસ ચળવળના રાજકીય બ્યુરોના વડા, ઈસ્માઈલ હનીએહે કતારના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ થાની અને ઈજિપ્તના ગુપ્તચર મંત્રી અબ્બાસ કામેલ સાથે ટેલિફોન કૉલ કર્યો અને તેમને હમાસની મંજૂરીની જાણ કરી. યુદ્ધવિરામ કરાર અંગેની જાણ,"હમાસ જૂથે" તેની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત એક નિવેદનમાં કરી છે.

# મહત્તમ મતદાન માટે તંત્રની પ્રસંશનીય કામગીરી





જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં મતદાન પ્રક્રિયા આગળ ધપી રહી છે. મહત્તમ મતદાન થાય તે માટે તંત્રએ ભરપુર પ્રયાસો કર્યા છે. પ્રસ્તુત તસ્વીરમાં બે પોલીસ જવાન એક વયોવૃધ્ધ ૮૪ વર્ષની મહિલાને મતદાન મથક સુધી ઉંચકીને લઈ જતા જોવા મળે છે જયારે બાજુની તસ્વીરમાં દિવ્યાંગ મતદાતાને વ્હીલચેરમાં મતદાન મથક સુધી દોરી જતા કર્મચારીની ફરજ નિષ્ઠા જોઈ શકાય છે.


સ્ટાફ જોઇએ છે

ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરના જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે. ઉંમરઃ ૨૨ થી ૪૦ (જુનાગઢમાં રહેતા વ્યક્તિએ જ સંપર્ક કરવો)

સમય : સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી

Mo. 9825815796

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983

શંખ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# સંયુકત રાષ્ટ્ર સંઘમાં ભારતીય મહિલાની પંચાયતીરાજમાં ભૂમિકાનો અવાજ ગુંજયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર સંઘની આંતર રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ વિવિધ વિષયની મહિલા સમિટમાં વુમન ઈન લોકલ ગર્વમેનટ ઈન ઈન્ડીયા લીડ થ વે'' વિષય સાથે ભારતમાંથી ત્રણ વિચક્ષણ પંચાયતીરાજની મહિલા પ્રતિનિધિ નીરૂ યાદવ (રાજસ્થાન), સુપ્રિયા દાસગુપ્તા તેમજ કનુક હેમકુમારી (આંધપ્રદેશ) નામે પ્રતિનિધિત્વ કરી ભારતના ગ્રામીણ વિકાસમાં પંચાયતીરાજના માધ્યમથી મહિલા જનભાગીદારી અને સર્વાંગી વિકાસ સબંધે દાખલા દલીલ અને અનુભવ સહીત વિષદ છણાવટ કરેલ અને ભારતીય પંચાયતીરાજની મહિલા પ્રતિનિધિએ ભારતના પંચાયતીરાજનો વૈશ્વીક કક્ષાએ ડંકો વગાડેલ. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશ અને સુશાસનયી સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રથમ વખત આ કાર્યક્રમનું આયોજન કરાયેલ હતું. પંચાયતીરાજની વિવિધ રાજયની વીરાંગનીએ દેશના પંચાયતીરાજનો વૈશ્વીક સ્તરે ડંકો વગાડતા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ પરેશ દેસાઈ(નવસારી) અને મંત્રી ભરત ગાજીપરાએ આ મહિલા પ્રતિનિધિઓને અભિનંદન આપેલ છે તેમજ વ્યુહાત્મક ગોઠવણ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પંચાયતીરાજના મહિલા પ્રતિનિધિને પ્રેરીત અને પ્રોત્સાહિત કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યકત કરેલ હતો. સંયુકત રાષ્ટ્ર સંઘના ભારતના સ્થાયી મહિલા પ્રતિનિધિ રૂચિરા કાબોજ એ ભારતના પંચાયતીરાજ ઉપર પ્રકાશ પાડેલ તેમજ સચિવ પંચાયતીરાજ વિવેક ભારદ્રાજ દ્વારા ભારતની પંચાયતીરાજમાં મહિલા સશકિતકરણ દ્વારા વિકાસમાં મહત્વની ભૂમિકા મહિલા બજાવી રહેલ છે તેનો અહેવાલ આપેલ તેમ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના મંત્રી ભરત ગાજીપરા અખબારી યાદીમાં જણાવે છે.

# ગીર સોમનાથ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં લોકશાહીના પર્વનો પ્રારંભ




## મતદાન માટે મતદાન મથકોએ વહેલી સવારથી લોકોએ કતારો લગાવી

વેરાવળ તા.૭

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં લોકશાહીના મહાપર્વનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો.

જિલ્લાનાં નાગરિકોએ તેમનાં મતાધિકારનો ઉપયોગ કરવા વહેલી સવારથી જ લાંબી કતારોમાં ઉભા રહી મત આપી પોતાની નૈતિક ફરજ નિભાવી હતી. જિલ્લાના મતદાન મથકો પર મતદાનને લઈને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

નાગરિકોમાં અનેરા ઉત્સાહ સાથે મતદાન મથકો પર પહોંચી મતદાન કર્યુ હતું. મતદાતાઓને કોઈ અગવડતાના પડે તે માટે મતદાન મથક પર આનુષાંગિક તમામ વ્યવસ્થાઓ પણ ચૂંટણી તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે.

ગીર-સોમનાથ જિલ્લાના યુવા થી માંડી વરિષ્ઠ નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અન્ય લોકોને અવશ્ય મતદાન કરે તે માટે અપીલ કરી હતી.

### હારે સખી મંગલ ગાઓ રે... મતદાન કરવા સાથે જાઓ રે.....

# સખી મતદાન મથકે સખીઓ મતદાન કરવા આવી




વેરાવળ તા.૭

લોકસભાની ચૂંટણીને લઈને ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ રૂપે 'સખી મતદાન મથક' ઉભાં કરવામાં આવ્યાં છે.

આ મતદાન મથક પર વેરાવળની સખીઓ પોતાની સખીના સંગાથે વહેલી સવારે મતદાન કરવા આવીને 'હારે સખી મંગલ ગાઓ રે... મતદાન કરવા સાથે જાઓ રે...'ની ભાવના ચરિતાર્થ કરી હતી. લોકશાહીના પર્વમાં સહભાગી થવા માટે સખી મતદાન મથકો ઉપર સખીઓ વહેલી સવારથી જ પોતાની સખીઓ સાથે મતદાન કરવા આવી હતી. વેરાવળના સખી મતદાન મથક પર યાસ્મિનબેન કાઠી, સમિયાબેન કાઠી, સબનમબાનુ અને મુમતાજબેન સહિતની સખીઓ પોતાની બહેનપણીઓ સાથે મતદાન મથક પર આવી મતદાન કરવા સાથે લોકશાહી પર્વમાં સહભાગી થઈ હતી.

# આદિમ જાતી બહુલ જાંબુરમાં ધમાલ નૃત્ય સાથે લોકશાહીના પર્વની રંગેચંગે શરૂઆત

## 'વસુધૈવ કુટુંબકમ' થીમ પર આધારિત મતદાન મથક પર આસોપાલવના તોરણ બંધાયા




વેરાવળ તા.૭

તાલાલા વિધાનસભા મતવિસ્તારમાં 'વસુધૈવ કુટુંબકમ'ની થીમ આધારિત માધુપુર-જાંબુર ગામ PVTG (Particularly Vulnerable Trible Group) એફ્રો-એશિયા સીદી સમાજના આદિવાસી લોકો વસવાટ કરે છે. જેની ભાતીગળ સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને માધુપુર-જાંબુર ગામમાં પારંપરિક સંસ્કૃતિ આધારિત મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે. જયાં આસોપાલવના તોરણો બાંધી મતદારોને આવકારવામાં આવી રહ્યાં છે.

આ મતદાન મથકો પર એફ્રો-એશિયા સીદી સમાજના આદીવાસી લોકોના સાંસ્કૃતિક વારસાને અનુરૂપ પ્રાકૃતિક રંગોથી રંગોળી તેમજ ભીંત ચિત્રો ચિતરવામાં આવ્યાં છે. જંગલ થીમને ધ્યાને રાખી આસોપાલવ / આંબાના પાનથી તોરણ લગાવવામાં આવ્યાં છે. સીદી સમુદાયના સાંસ્કૃતિક વારસાને અનુરૂપ પોસ્ટર-બેનર્સ વગેરે પ્રદર્શિત કરાયાં છે. તદુપરાંત, ઢોલ-નગારા સાથે સીદી સમાજના પરંપરાગત ધમાલ નૃત્ય કરી મોટી સંખ્યામાં પારંપરિક પોશાક સાથે સીદી સમાજના મતદારો મતદાન કરવા આજે સવારે ઉમટી પડ્યાં હતાં. આ ઉપરાંત મતદાન મથક પર સ્ટાફ ટ્રાઈબલ કેપ પહેરીને ચૂંટણી ફરજ બજાવી હતી.

# ૭૪ વર્ષના હવાબેન તાઈ મતદાન કરી લોકશાહી પર્વમાં સહભાગી થયા



## દેશના દરેક મતદારોએ મતદાન કરી લોકશાહીને મજબૂત બનાવીએ-હવાબેન તાઈ

વેરાવળ તા.૭

લોકસભાની ચૂંટણીને લઈને આજ સવારથી જ મતદાન મથકો ઉપર લોકોની લાંબી કતારો જોવા મળી હતી. વેરાવળ મતદાન મથકો ઉપર દિવ્યાંગો, વૃદ્ધો મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી થઈ રહ્યા છે. ત્યારે વેરાવળ ખાતે ૭૪ વર્ષના વૃદ્ધ હવાઈબેન તાઈએ મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી થયા હતા. ૭૪ વર્ષના હવાબેન હાસમભાઈ તાઈએ જણાવ્યું હતું કે, દેશની લોકશાહીને મજબૂત કરવા માટે દરેક મતદારોએ આજે અવશ્ય મતદાન કરવું જોઈએ, જેથી આપણા રાષ્ટ્રનું નિર્માણ થાય અને દેશને આગળ લઈ જવા માટે દરેક લોકોનો એક મત જરૂરી છે. આજે મેં પણ મારા મતદાન મથક પર મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી થઈ લોકશાહીના આ અવસરને આવકારી મતદાન કર્યું હતું.

# માણાવદર વિધાનસભા ચૂંટણીના ઉમેદવાર અરવિંદ લાડાણીએ મતદાન કર્યુ



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૭

માણાવદર વિધાનસભા ચૂંટણીના ઉમેદવાર અરવિંદ લાડાણીએ ૧૧-પોરબંદર લોકસભા તથા ૮૫-માણાવદર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરી દેશના વિકાસમાં ભાગીદાર બનવા, ભારતને ફરી વિશ્વગુરૂ બનાવવા આજે મે મારા મતાધિકારનો ઉપયોગ કરી મારા વતન કોડવાવ ગામે મતદાન કરી મારી ફરજ નિભાવી છે.

# વેરાવળના યશ વાયલુએ પ્રથમ વખત મતદાન કરી લોકશાહીના અવસરમાં સહભાગી થયો



વેરાવળ તા.૭

લોકશાહીના પર્વને ઉત્સાહનો અવસર ગણી ઉજવવા માટે દરેક મતદારોએ મતદાન કરવું જોઈએ. વેરાવળના મતદાન મથક પર વહેલી સવારથી જ મતદારો ઉમટી પડ્યા છે. જેમાં ખાસ કરીને યુવા મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મતદાન કરી આ અવસરમાં સહભાગી થઈ રહ્યા છે. જેમાં યશ વાયલુએ પ્રથમ વખત મતદાન કરી લોકશાહીના આ અવસરમાં સહભાગી થયા હતાં. પ્રથમ વખત લોકસભાની ચૂંટણીમાં મતદાન કરનાર યુવા મતદાર યશે જણાવ્યું હતું કે, હું આ ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરી રહ્યો છું અને દરેક યુવાનોએ રાષ્ટ્રને મજબૂત બનાવવા માટે મતદાન કરવું જોઈએ. લોકશાહીના આ પર્વને એક અવસર ગણી દરેક યુવા મતદારોએ મતદાન કરી પોતાની ફરજ અદા કરવી જોઈએ તેમ ઉમેર્યું હતું.

# વેરાવળમાં મતદાન કરવા માટે લાઈનો લાગી



વેરાવળ તા.૭ : સમગ્ર રાજ્ય સાથે ગીર સોમનાથ જિલ્લામાં મતદાનનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો જેમ જેમ દિવસનો સમય શરૂ થયો તેમ તેમ મતદાન મથકે મતદાન કરવા માટે મતદારો લાઈન લગાવીને પોતાના અધિકારનો મતદાન દ્વારા ઉપયોગ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

માણાવદર : સોની કાન્તાબેન રૂગનાથભાઈ લોઢિયા (ઉ.વ.૮૪) તે સ્વ.રૂગનાથભાઈ મોહનભાઈ લોઢિયાના ધર્મપત્ની તથા ચંદુભાઈ લોઢિયા, સ્વ.જીતુભાઈ અને હરેશભાઈના માતૃશ્રીનું તા.૬-૫-૨૦૨૪ સોમવારના રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા.૯-૫-૨૦૨૪ ગુરૂવારે સાંજે ૪ થી ૬, સોની સમાજની વાડી, માવજી જીણા સોસાયટી પાસે,

# જૂનાગઢમાં લવમેરેજનાં મનદુ:ખમાં માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢનાં કડીયાવાડમાં રહેતા મુરલીગીરી મહેશગીરી ગોસ્વામીએ લલીતભાઈ સોલંકી, સાગર લલીતભાઈ અને કવીબેન લલીતભાઈ સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપીની દિકરીએ લવ મેરેજ કરેલ હોય જે બાબતે મનદુ:ખ રાખી આરોપીએ ફરીયાદીને પોતાનાં ઘરે બોલાવી આરોપી નં. ૧નાએ ફરીયાદીને પાછળથી લાકડું લઈ અને જમણા ખંભામાં તથા પીઠમાં મારેલ અને આરોપી નં. ૨નાએ એક પથ્થર લઈને ફરીયાદીનાં જમણા હાથમાં મારી દેતા ફરીયાદીને શરીરે ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પો.હે.કો. એસ.એ.

# જૂનાગઢ : જમીનનાં ડખ્ખામાં જાનથી મારી નાખવાની ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

બિલખા રોડ જૂનાગઢ ખાતે રહેતા અને મુળ પાટણવાવ ગામનાં હરીલાલ માધવજીભાઈ રાણવાએ રાણાભાઈ લાખાભાઈ રાણવા તેમજ તપાસમાં ખુલે તે તમામ સામે ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનાં બાપદાદાની જમીન તથા મકાન ઉપર ફરીયાદીનાં મોટાભાઈ મેઘજીભાઈ માધવજીભાઈ રાણવાએ કબ્જો કરેલ હોય જેથી ફરીયાદીએ તેના વિરૂધ્ધમાં પાટણવાવ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હોય અને આ બાબતે ફરીયાદીનાં મોટાભાઈએ સમજાવવા સારૂ ફરીયાદીનાં કાકા રાણાભાઈ લાખાભાઈ રાણવાએ ફરીયાદીને ફોન કરી વાત કરતા ફરીયાદીને ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પરથી એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભેસાણના હડમતીયા ચોકડી પાસે અજાણ્યા વાહનની હડફેટે વૃધ્ધાનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

ભેસાણના પરબવાવડી ગામના નાથાભાઈ કેશવભાઈ કાપડીયા પોતાની વાડીએ ચાલીને જતા હતા ત્યારે પરબ વાવડીથી હડમતીયા ચોકડીની વચ્ચે અજાણ્યા વાહને હડફેટમાં લેતા નાથાભાઈને ઈજા થવાથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. બાદમાં સિવીલ હોસ્પિટલમાં લઈ જવામાં આવતા ફરજ ઉપરના તબીબે વૃધ્ધને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો.

# રાજેશભાઈ ચુડાસમાની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા સબબ ફરીયાદ નોંધાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

વિસાવદર તાલુકાનાં જીવાપરા ગામે રહેતા ઉદયભાઈ કિશોરભાઈ મહેતાએ ભાવેશ બાબરીયા રહે. મુંડીયારાવણી સામે ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામનાં આરોપીએ લોકસભાની ચુંટણી દરમ્યાન ભાજપનાં ઉમેદવાર રાજેશભાઈ નારણભાઈ ચુડાસમાની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા સારૂ અને લોકોમાં તેમના પ્રત્યે ધીકકાર અને દ્રેશભાવ ઉત્પન્ન થાય અને ચુંટણીનાં પરીણામને અસર કરે તે રીતે ખોટી હકીકતો હોવાનું જાણવા છતાં બદઈરાદાથી બેનર છપાવી બેનરમાં ચુંટણી પંચની ગાઈડ લાઈન મુજબ પ્રકાશકનાં નામનો ઉલ્લેખ વગર બેનર જાહેરમાં લગાવી ચુંટણી પંચની આચાર સંહિતાનો ભંગ કર્યાની ફરીયાદના અનુસંધાને વિસાવદરનાં પીએસઆઈ એસ.આઈ. સુમરાએ વધુ તપાસ હાથ ધરી છે.

# ચૈત્ર મહિનાની બુધવારી અમાસ

ચૈત્ર વદ અમાસને બુધવાર તા.૮-૫-૨૦૨૪ના દિવસે બુધવારી અમાસ છે. અમાસ તિથી સવારના ૮:૧૨ કલાક સુધી છે પરંતુ ઉદીયાન તિથી આખો દિવસ ગણાય આથી બુધવારે આખા દિવસ કરેલા પુજા-પાઠનું ફળ બુધવારી અમાસનું ગણાશે. ખાસ કરીને કારતક ચૈત્ર અને ભાદરવો મહિના પિતૃઓના ગણાય છે અને આ મહિનામાં જો બુધવારી અમાસ આવે તો તે દિવસ પિતૃ ઉપાસના માટે ઉત્તમ ગણવામાં આવે છે. બુધવારી અમાસના દિવસે સવારના નિત્ય કર્મ કરી અને ત્યારબાદ શ્રી કૃષ્ણ ભગવાનની પુજા કરવી ત્યારબાદ મંદિરે જઈ મહાદેવજીને જળ ચડાવી પીપળે દિવો અથવા અગરબતી કરી પાણી રેડવું. ધુમાં કાળા તલ પધરાવી અને તે પણ રેડી શકાય. પીપળાની પ્રદક્ષીણા ફરી પિતૃઓને પ્રાર્થના કરવી. આખો દિવસ ઉપવાસ અથવા એકટાણું રહેવું. વ્રતનું ફળ પિતૃઓને અર્પણ કરવાથી પિતૃઓને મોક્ષ ગતી મળશે અને પિતૃઓના આર્શીવાદ મળશે ગાયને ઘાસ નાખવું બ્રાહ્મણ ભોજન કરાવું ઉત્તમ ગણાય છે. બુધવારી અમાસના દિવસો જન્મકુંડળીમાં જો ગ્રહણ યોગ, શ્રાવિતદોષ હોય રાહુ અશુભ હોય તો આ દિવસે શાંતી કરાવી, જપ કરવા તુરંત ફળ આપનાર બને છે. આ દિવસે નિર્થ સ્નાન, પિતૃતર્પણ, પિતૃ કાર્યો પણ વધારે ફળ આપનાર બને છે.

CMYK

### રાજકોટ શોકેસ ખાતે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ અને ટ્રેડ મીટ (ઉનાળુ પાક) યોજાઇ

# ‘આત્મનિર્ભર તેલીબિયાં અભિયાન’નો ઉદ્દેશ્ય ખાદ્ય તેલ ક્ષેત્રે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો : ચેરમેન ઋતુપર્ણ

## IOPEPC ભારતના તેલીબિયાં-ઉનાળુ પાક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૭

ભારતીય તેલીબિયાં અને ઉત્પાદન નિકાસ પ્રમોશન કાઉન્સિલ **(IOPEPC)**, મંત્રાલય હેઠળ કામ કરે છે વાણિજ્ય, ભારત સરકાર, કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ સાથે સંયુક્ત રીતે એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી **(APEDA)** એ એક વ્યાપક ક્ષમતા નિર્માણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૪ મે ૨૦૨૪ના રોજ રાજકોટમાં ઉનાળુ પાક પર ધ્યાન કેન્દ્રિત કરતી વેપાર મીટ યોજાયેલ. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય હતો. ગુડ એગ્રીકલ્ચર પ્રેક્ટિસ **(GAP)** અને પાલક હિસ્સેદારો વિશે જાગૃતિ વધારવા માટે તેલીબિયાં વેપાર ક્ષેત્રે જોડાણ.



તેલીબિયાં ઉદ્યોગના વિવિધ વિભાગોનું પ્રતિનિધિત્વ કરતા ૩૫૦થી વધુ સહભાગીઓ સાથે, મેળાવડો, ઉનાળાના પાકના સર્વેક્ષણોમાંથી આંતરદૃષ્ટિ અને તારણો શેર કરવા માટેના પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી.

નોંધનીય ઈવેન્ટના હાઈલાઈટ્સમાં **IOPEPC** ચેરમેન, ઋતુપર્ણ દ્વારા મજબૂત ભારનો સમાવેશ થાય છે.ડોલે, બીજ રિપ્લેસમેન્ટ વધારવા જેવી વ્યૂહરચનાઓ દ્વારા તેલીબિયાંની ઉત્પાદકતા વધારવા પર,ગુણોત્તર **(SSR)** અને ઉનાળુ પાકની ખેતીને પ્રોત્સાહન આપવું જેમ કે તલ અને ભારતમાં વિવિધ રાજ્યોમાં મગફળી.

ઈવેન્ટ દરમિયાન, **IOPEPC** દ્વારા ગુડ એગ્રીકલ્ચર પ્રેક્ટિસ **(GAP)** અને પાલક હિસ્સેદારો વિશે જાગૃતિ વધારવા માટે અને તેલીબિયાં વેપાર ક્ષેત્રે જોડાણ વધારવા સહભાગી થવા વિચારોની આપલે કરવામાં આવી હતી. ભારતની તેલીબિયાંની નિકાસ. ભારત સરકારના ફ્લેગશિપ પ્રોજેક્ટ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. "આત્મનિર્ભર તેલીબિયાં અભિયાન" નો ઉદ્દેશ્ય ખાદ્ય તેલ ક્ષેત્રે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો છે.

ખુશવંત જૈન **IOPEPC-** મગફળી અને મગફળી તેલ પેનલના કન્વીનર અને શ્રી સંદીપ ભુરા **IOPEPC-** તલના બીજ અને તલના બીજ તેલ પેનલ કન્વીનર પૂરા પાડવામાં આવેલ,મગફળી અને તલના બીજ ઉત્પાદનના સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યમાં વ્યાપક આંતરદૃષ્ટિ, બંને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મંચ પર અગ્રણી વ્યક્તિઓ દર્શાવતી પેનલ ચર્ચાઓ વર્તમાન ભારતીય સ્થાનિક અને મગફળી અને તલના બીજની ખેતીને લગતા વૈશ્વિક દૃશ્યો, સત્રનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું

**RMSI** ની આગેવાની હેઠળ ઉનાળુ પાક ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ગુજરાતમાં હાથ ધરાયેલા પાક સર્વેના તારણો, ક્રોપાલિટિક્સ પ્રાઈવેટ લિમિટેડ પ્રશ્ન અને જવાબ સત્ર દરમિયાન વિચારોના વાઈબ્રન્ટ આદાનપ્રદાન સાથે આ ઈવેન્ટનું સમાપન થયું, જેમાં ભારતની વૃદ્ધિ અને ટકાઉપણાને આગળ વધારવા માટે હિતધારકોની સામૂહિક પ્રતિબદ્ધતા, તેલીબિયાં અને તેલ નિકાસ ઉદ્યોગ.મગફળી અને તલના બીજ પર રવિ પાક ઉપર કરવામાં આવેલા પાક સર્વેના તારણો રજૂ કરવામાં કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢમાં ‘પ્લાસ્ટિક મુક્ત ગિરનાર’નો સંદેશ આપતું મોડેલ મતદાન મથક ઉભુ કરાયું

### આદર્શ મતદાન મથકમાં ઈકો ફ્રેન્ડલી સુશોભન : સેલ્ફી ઝોન સહિતના આકર્ષણો

જૂનાગઢ, તા.૭

જૂનાગઢમાં પ્લાસ્ટિક મુક્ત ગિરનારનો સંદેશ આપતું મોડેલ મતદાન મથક બનાવવામાં આવ્યું છે. આ આદર્શ મતદાન મથકમાં ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો ઉપયોગ કરીને સુશોભન કરવામાં આવ્યું છે. ઉપરાંત સેલ્ફી ઝોન સહિતના આકર્ષણો પણ હશે.

મદદનીશ ચૂંટણી અને પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જણાવ્યું કે, લોકોને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા માટે પ્રેરણા મળે તે માટે ખાસ શ્રીમતી આર. જે. કનેરીયા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે એક મોડેલ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે. આ મતદાન મથકમાં પ્લાસ્ટિકથી પર્યાવરણ- પ્રકૃતિને થતા નુકસાની જાણકારી પણ દર્શાવવામાં આવશે. લોકોને એક હકારાત્મક ઉર્જા મળી રહે જુદા જુદા છોડના કુંડા અને કલાત્મક તોરણ પણ બાંધવામાં આવશે. ગિરનાર ઉપરાંત ઈકો સેન્સિટીવ ઝોનમાં પ્લાસ્ટિકના વપરાશ માટે પ્રતિબંધ છે. જેથી એક પ્લાસ્ટિકના વપરાશ ન કરવા માટે જનજાગૃતિ પણ કેળવાશે.

વિસાવદર વિધાનસભા બેઠક હેઠળના કુબા ગામમાં ઈકો ફ્રેન્ડલી મતદાન મથક બનાવવામાં આવ્યું છે. તેમાં પણ ખાસ જંગલની થીમને વણી લેવામાં આવી છે. આકર્ષક ગેઈટ બનાવવામાં આવ્યો છે. સાથે કલાત્મક ડેકોરેશન કરાયું છે. જુદા જુદા કટ આઉટ મૂકવામાં આવ્યા છે. મતદાન માટે માન્ય આધાર પુરાવાનું લિસ્ટ, રંગોળી વગેરે રીતે આકર્ષક બનાવવામાં આવ્યું છે.

# શેઠ બ્રધર્સ પરીવાર એવરેસ્ટ બેઝ કેમ્પ પર

### દેવેનભાઈ શેઠનો પુત્ર વેદાંત શેઠ કાલા પથ્થર ૧૮૫૧૯ ફુટ ઉપર પહોંચ્યો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૭




ભાવનગરના પરીવારના તેજસ શેઠ, ગૌરવ શેઠ, વેદાંત શેઠ તથા માત્ર ૧૫ વર્ષની વયની ગૌરવભાઈ શેઠની પુત્રી મીસરી શેઠે નેપાલ ખાતે એવરેસ્ટ બેઝ કેમ્પ ૧૭,૫૯૮ ફુટની ઉંચાઈ ઉપર પહોંચ્યા હતા. દેવેનભાઈ શેઠનો પુત્ર વેદાંત શેઠ માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ જઈ કલાઈમ્બર્સ વિશ્વના સૌથી ઉંચા શિખર માઉન્ટ એવરેસ્ટની ટોચ ઉપર ૧૮૫૧૯ ફુટની ખુબ જ કપરી મંઝીલ સર કરી પહોંચ્યો હતો. આ સમગ્ર શેઠ બ્રધર્સ પરીવાર માટે ગૌરવપૂર્ણ ઘટના છે.

# ‘ગઢ જૂનો ગિરનાર’ જૂનાગઢની યશો ગાથા ગાવાનાં અનોખા કાર્યક્રમનું આયોજન

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ સ્થિત લોઢિયા વાડીનાં સભા ખંડ બીજો માળ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને બીએસ ઈવેન્ટ દ્વારા આગામી તારીખ ૧૧/૫/૨૦૨૪ શનિવારે રાત્રિના ૮:૦૦ કલાકથી "ગઢ જૂનો ગિરનાર" કાર્યક્રમાં જૂનાગઢ અને ગિરનારની યશો ગાથા ગાવા અને વાગોળવાનો અનોખો કાર્યક્રમ નામાંકીત કલાકારો સુરશ્રી નીરૂ દવે, હિમાંશુ મકવાણા, દર્પિત દવે, અવધ ભટ્ટ, ધ્વનિત ત્રિવેદી દ્વારા વિવિંધ રચનાઓનું ગાન અને જૂનાગઢ અને ગિરનારના ઔતિહાસિક મહત્વ વિશે જાણીતા લોક ગાયક અને સાહિત્યકાર રાજુ ભટ્ટ રસપ્રદ વાતો કરશે, કાર્યક્રમનાં અધ્યક્ષસ્થાને ચેતન ત્રિવેદી, કુલપતિ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ તથા ઉદઘાટક હર્ષદ મહેતા, જિલ્લા પોલીસ અધિક્ષક, અતિથિ તરીકે જીતુભાઈ ભીંડી, હેમંત નાણાવટી, કવિ મહેન્દ્રસિંહ પઢિયાર, જયકિશન દેવાણી, સુશ્રી એન. ડી વાળા, વિપુલ ત્રિવેદી, સંગીતકાર, અમિત ચરાડવા, રાજુભાઈ ભોજાણી, અર્મીશાબેન માંકડ ઉપસ્થિતિ રહેશે. કાયકમમાં જૂનાગઢના કલારશિક નગરજનોને ઉપસ્થિત રહેવા આયોજક સંસ્થા તરફથી જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

### હર્ષ ગોએન્કાએ કરેલી ટ્વીટ ઉપર લોકોની પ્રતિક્રિયા

# હર્ષદ મહેતા, કેતન પારેખનો જમાનો પાછો આવ્યો છે

## ગુજરાતી અને મારવાડી મહેનતુ વેપારી સમુદાયો છે

અમદાવાદ, તા.૭

**RPG** એન્ટરપ્રાઈઝિસના ચેરપર્સન હર્ષ ગોએક્રાએ તાજેતરમાં તેજીવાળા શેરબજાર અને તેની અસરો વિશે તેમના વિચારો શેર કર્યા હતા. તેમના ટ્વીટમાં તેમણે ઉલ્લેખ કર્યો કે કેવી રીતે "હર્ષદ મહેતા, કેતન પારેખનો યુગ મુખ્યત્વે કોલકાતામાં પાછો આવ્યો છે." તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, ‘‘પ્રમોટરો નફામાં વધારો કરી રહ્યા છે (નફાની એન્ટ્રી દ્વારા) અને ગુજરાતી-મારવાડી દલાલો સાથે સાંઠગાંઠ કરીને તેમના શેરના ભાવને અવાસ્તવિક સ્તરે લઈ જાય છે.

નાના રોકાણકારોને ગંભીર નુકસાન થાય તે પહેલાં **@SEBI_India @FinMinIndia** માટે પગલાં લેવા અને તપાસ કરવાનો આ સમય છે.’’ તેની ટ્વીટ વાયરલ થયા બાદ તરત જ અસંખ્ય લોકોએ તેના પર પ્રતિક્રિયા આપી હતી. હર્ષ ગોએક્રાએ તેજીવાળા શેરબજાર પર તેમના વિચારો શેર કર્યા અને પછીથી એક વ્યક્તિ દ્વારા તેની ટીકા થઈ.

તાજેતરમાં, એક ઠ વપરાશકર્તાએ પણ ગોએક્રાની પોસ્ટ પર તેના વિચારો ફરીથી શેર કર્યા. તેણે લખ્યું, "શ્રીહર્ષ ગોએન્કા, ભૂતકાળમાં, તમારી ઉશ્કેરણીજનક પોસ્ટ્સ અને અરુચિકર કાર્ટૂન માટે, ઈન્ટરનેટ દ્વારા તમારી નિંદા કરવામાં આવી હતી.

જ્યારે તમે અપમાનિત અને ડાઉનગ્રેડ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. હવે, હું ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. અને ગુજરાતી અને મારવાડીની સાંઠગાંઠ પર આ પાયાવિહોણી ટિપ્પણીથી ડરવું, તમારે તમારી અવિચારી ટિપ્પણી કરવાની આદત પર કામ કરવાની જરૂર છે."

એક વ્યક્તિએ લખ્યું, "કોઈપણ કારણ કે પુરાવા વગર મારવાડીઓ અને ગુજરાતીઓને કેમ દોષ આપો? મને લાગે છે કે આ બે સૌથી વધુ મહેનતુ અને જાણકાર વેપારી સમુદાયો છે. તેઓ શેરબજાર વિશે ખૂબ સારી જાણકારી ધરાવે છે અને પરંપરાગત રીતે બજારમાં રોકાણ કરે છે."

બીજાએ પોસ્ટ કર્યું, "સાહિત્યચોરીમાં સંડોવાયેલો, વારસા અને લાયસન્સ રાજના અવશેષ માટે વિશ્વસનીય કંઈ કર્યું નથી. તેને સામેલ કરવું એ સમયનો વ્યય છે."

"હર્ષ ગોએન્કા બિલકુલ સાચા છે. અને હું તેમને સલામ કરું છું. મારવાડી હોવાને કારણે તેમનામાં સત્ય બોલવાની હિંમત છે," ત્રીજાએ કહ્યું.

### શાળામાં એસીનો ચાર્જ વસૂલવા વિરૂધ્ધ અરજી થઈ હતી

# હાઈકોર્ટના આદેશથી શાળાઓને રાહત અને વાલીઓને ઝટકો

## દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે, આવામાં શાળા એકલી કેમ તેનો ખર્ચો ઉઠાવે ?

નવી દિલ્હી, તા.૭

દિલ્હીની મોટી મોટી શાળાઓમાં પોતાના વ્હાલાસોયા બાળકોનું એડમિશન કરાવવા ઈચ્છતા માતા પિતા હવે ક્લાસરૂમમાં જો એસીની સુવિધા ઈચ્છતા હોય તો તેનો ખર્ચો ભોગવવા માટે પણ તૈયાર રહે. દિલ્હી હાઈકોર્ટે શાળામાં એસીનો ચાર્જ વસૂલવા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર ટિપ્પણી કરતા કહ્યું કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે. આવામાં શાળા એકલી કેમ તેનો ખર્ચો ઉઠાવે? વાત જાણે એમ છે કે દિલ્હીની પબ્લિક સ્કૂલમાં નવમાં ધોરણના વિદ્યાર્થીના પિતાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને શાળા તરફથી એસી ચાર્જ વસૂલવા મુદ્દે હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો હતો. અરજીમાં કહેવાયું હતું કે શાળા એસીના નામ પર દર મહિને ૨૦૦૦ રૂપિયા વધારાની ફી વસૂલે છે. માતા પિતાનો એવો તર્ક હતો કે વિદ્યાર્થીઓને એસીની સુવિધા આપવાની જવાબદારી શાળા મેનેજમેન્ટની છે. આથી તેમણે પોતાના ફંડથી તેનો ખર્ચો ઉઠાવવો જોઈએ. જો કે હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે શાળા મેનેજમેન્ટ એકલા એસીનો ખર્ચો કેમ ઉઠાવે? વાલીઓએ પણ તેમાં ફાળો આપવો જોઈએ. કોર્ટે એમ કહીને અરજી ફગાવી કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે અને ચલાવવામાં આવે છે. આવામાં શાળા એકલી કેમ તેના ખર્ચનો બોજો ઉઠાવે? આ સુવિધા લેબ જેવી સુવિધાઓથી અલગ નથી. શાળા મેનેજમેન્ટ તરફથી કહેવાયું કે એસીની ફી રસીદમાં નોંધાયેલી છે. દિલ્હી હાઈકોર્ટના કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોડાની બેન્ચે પોતાના નિર્ણયમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હાલ એડમિશનનો સમય છે. વાલીઓ પોતાના બાળકોનું એડમિશન કરાવતા પહેલા નિયમો, શરતો, ફી અને અન્ય બાબતો ધ્યાનથી વાંચે અને સમજે. કારણ કે અનેક સુવિધાઓ અધ્યયન અધ્યાપનથી અલગ હોય છે.

### અરવિંદ કેજરીવાલની મુશ્કેલીમાં થશે વધારો

# દિલ્હીના LGએ કેજરીવાલ વિરૂધ્ધ NIA તપાસની ભલામણ કરી

## એલજીએ ખાલિસ્તાન તરફી સંગઠન શીખ ફોર જસ્ટિસ પાસેથી ફંડ લેવાના મામલામાં NIA તપાસની ભલામણ કરી

નવી દિલ્હી, તા.૭

હવે **NIA** દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પણ તેની પકડ વધુ કડક કરવા જઈ રહી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ **NIA** તપાસની ભલામણ કરી છે.

દિલ્હીના એલજીએ ખાલિસ્તાન તરફી સંગઠન શીખ ફોર જસ્ટિસ પાસેથી ફંડ લેવાના મામલામાં સીએમ કેજરીવાલ વિરુદ્ધ **NIA** તપાસની ભલામણ કરી છે. તેમણે ગૃહ મંત્રાલયને પત્ર લખીને આ માંગણી કરી છે. ગૃહ મંત્રાલયને લખેલા પત્રમાં, તેમણે જણાવ્યું હતું કે આરોપો સીએમ વિરુદ્ધ છે અને ભારતમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તરફથી રાજકીય પક્ષને લાખો ડોલરના કથિત ભંડોળ સાથે સંબંધિત છે, ઈલેક્ટ્રોનિક ઉપકરણ ફરિયાદાની દ્વારા રજુ કરવામાં આવેલ ફોરેન્સિક તપાસ સહિત અન્ય તપાસની પણ જરુર છે.

એલજીને દેવેન્દ્ર પાલ ભુલ્લરની મુક્તિ અને ખાલિસ્તાની તરફી ભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે ખાલિસ્તાની જૂથ શીખ્સ ફોર જસ્ટિસ પાસેથી યુએસ ૧૬ મિલિયન ડોલર મેળવવા બદલ **AAP** વિરુદ્ધ ફરિયાદ મળી હતી. વીકે સક્સેનાએ જાન્યુઆરી ૨૦૧૪માં ગૃહ મંત્રાલયમાં કેજરીવાલ દ્વારા ઈકબાલ સિંહને લખેલા એક પત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે "આપ સરકારે પહેલાથી જ રાષ્ટ્રપતિને પ્રોફેસર ભુલ્લરને મુક્ત કરવાની ભલામણ કરી છે અને એસઆઈટીની રચના સહિત અન્ય મુદ્દાઓ પર સહાનુભુતી પુર્વક અને સમયબદ્ધ રીતે. કામ કરશે. આ ફરિયાદ વર્લ્ડ હિન્દુ ફેડરેશન ઈન્ડિયાના રાષ્ટ્રીય મહાસચિવ આશુ મોંગિયા અને આમ આદમી પાર્ટીના પૂર્વ કાર્યકર મુનીશ કુમાર રાયજાદાએ કરી હતી. દેવિન્દર પાલ સિંહ ભુલ્લર ૧૯૯૩ના દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં દોષી છે. ભુલ્લરને દિલ્હીમાં યુથ કોંગ્રેસના મુખ્યાલયની બહાર થયેલા વિસ્ફોટમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો જેમાં નવ લોકો માર્યા ગયા હતા અને ૩૧ અન્ય ઘાયલ થયા હતા. જર્મનીથી દેશનિકાલ કર્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

### આ પુલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો એક નાનો ભાગ છે

# અમેરિકાના કેલિફોર્નિયામાં ૯ ટ્રિલિયન રૂપિયાના ખર્ચે બન્યો બ્રિજ

## અમેરિકાના કેલિફોર્નિયામાં ૧૧ અબજ ડોલરના ખર્ચે બનેલો પુલ લોકો માટે મજાકનો વિષય બન્યો છે

નવી દિલ્હી, તા.૭

અમેરિકાના કેલિફોર્નિયામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સરકારે આવો પુલ બનાવ્યો છે. જેનો માર્ગ ક્યાંય દોરી જતો નથી. આ બ્રિજની કિંમત ૧૧ બિલિયન ડૉલર (લગભગ ૯ ટ્રિલિયન રૂપિયા) છે અને આ બ્રિજને બનાવવામાં ૯ વર્ષનો સમય લાગ્યો છે. હવે ઘણા લોકોએ આ બ્રિજને લઈને હાઈ સ્પીડ રેલ ઓથોરિટીની ટીકા કરી છે.સાન ફ્રાન્સિસ્કોથી લોસ એન્જલસને જોડવાના હેતુથી રાજયના લાંબા સમયથી ચાલતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો આ પુલ એક નાનો ભાગ છે.

ગયા વર્ષે કન્સ્ટ્રક્શન કંપનીએ ફ્રેસ્નો નદી પર બનેલા આ પુલનું કામ પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. આ પછી, ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્ક અને ડોગેકોઈનના સર્જક બિલી માર્કસ સહિત ઘણા લોકોએ કેલિફોર્નિયા હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીની મજાક ઉડાવી છે.એલોન મસ્ક અને બિલી માર્કસે વ્યંગ કર્યોએલોન મસ્કએ પુલના નિર્માણની જાહેરાત પછી તેના ભૂતપૂર્વ પર પ્રતિક્રિયા આપતા નિરાશા વ્યક્ત કરી હતી. તેણે રડતું ઈમોજી શેર કર્યું હતું. તે જ સમયે, બિલી માર્કસે તેની ઠ પોસ્ટમાં કહ્યું, આ અત્યાર સુધીની સૌથી નોંધપાત્ર માનવ સિદ્ધિ છે.તેમણે કહ્યું કે ૯ વર્ષ અને ૧૧ બિલિયન ડોલર પછી ૧૬૦૦ ફૂટની હાઈ-સ્પીડ રેલને ૧૬૦૦ ફૂટ ચાલવામાં લગભગ ૫ મિનિટ લાગે છે.

હાઈ-સ્પીડ રેલ તેના માટે ખરેખર મોટી વાત છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પુલને પૂર્ણ કરવા માટે ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો ખર્ચ થઈ શકે છે. માર્કસે કટાક્ષમાં જવાબ આપ્યો અને કહ્યું, વાહ, ખૂબ જ સાચું.આ પુલ પ્રોજેકટના પ્રથમ તબક્કાનો એક ભાગ છેતમને જણાવી દઈએ કે આ પ્રોજેક્ટ પર ખર્ચવામાં આવેલા નાણાંમાં હાઈ-સ્પીડ રોડના પ્રથમ તબક્કા માટે પુલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. જે લોસ એન્જલસની દક્ષિણે આવેલા બેકર્સફીલ્ડથી બે એરિયાથી લગભગ ૮૦ માઈલ દૂર મર્સિડ સુધી વિસ્તરે છે. વિવેચકોએ માડેરામાં ફ્રેસ્નો રિવર વાયડક્ટની પૂર્ણતાની પ્રશંસા કરતી રેલ ઓથોરિટી દ્વારા અગાઉની પોસ્ટનો પ્રતિભાવ આપ્યો હતો, અને તેને પ્રથમ પૂર્ણ થયેલ હાઈ-સ્પીડ રેલ સ્ટ્રક્ચર્સમાંના એક તરીકે વર્ણવ્યું હતું.હાઈ-સ્પીડ ટ્રેન મ્દ્રજીહ્લ રેલ રૂટની સમાંતર દોડશે હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીએ જણાવ્યું હતું કે અંદાજે ૧,૬૦૦ ફૂટ લાંબી હાઈ-સ્પીડ ટ્રેનો નદી પરથી પસાર થશે અને મ્દ્રજીહ્લ રેલરોડની સમાંતર ચાલશે. ઓથોરિટીએ બ્રિજની તસવીરો પણ શેર કરી હતી, જે દર્શાવે છે કે આ બ્રિજ કોઈ છેડેથી જોડાયેલ નથી.ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, વેન્ચર કેપિટલિસ્ટ પેટ્રિક બ્લુમેન્થલે સૂચવ્યું હતું કે રેલ લાઈન પ્રોજેક્ટ પર પ્રગતિના અભાવને જોતા હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીએ તેના પાછળના ભાગ પર પુનર્વિચાર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે ૧૫ વર્ષ પછી ૦.૩ માઈલનું કામ પૂર્ણ થયું છે, જેનો ખર્ચ ૧૧.૨ બિલિયન ડોલર છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### ફાર્મા ઈન્ડસ્ટ્રીની વાહિયાત જાહેરાત પર લગામ નાથવી જ પડશે

પુરાવા આધારિત દવાઓ ત્રણ સ્તંભોના આધાર પર બનાવવામાં આવે છે - રોગીની પસંદ, ડોકટરનો અનુભવ અને હાલના ઉપલબ્ધ પુરાવા. ખોટી માહિતી આ ત્રણેયને કમજોર કરે છે અને આ જ વાત સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા પતંજલિ કેસને ક્રિટિકલ બનાવે છે. આ અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા સોગંદનામામાં ઉત્તરાખંડ રાજ્ય લાયસન્સિંગ ઓથોરિટીએ કહ્યું કે તેણે પતંજલિ આયુર્વેદ લિમિટેડ અને તેની સહયોગી કંપની દિવ્ય ફાર્મસીનાં ૧૪ ઉત્પાદનોના મેન્યુફેક્ચરિંગ લાયસન્સ રદ કરી દીધાં છે. ઉલ્લેખનીય વાત એ છે કે આ કાર્યવાહી ત્યારે કરવામાં આવી જ્યારે સુપ્રીમ કોર્ટે પતંજલિ વિરૂધ્ધ કાર્યવાહી નહિ કરવા માટે રાજ્ય ઓથોરિટીની ઝાટકણી કાઢી હતી. નવેમ્બર, ૨૦૨૩માં પતંજલિએ સુપ્રીમ કોર્ટને આશ્વાસન આપ્યું કે તે હવે પોતાના ઉત્પાદનો કે જાહેરાત કે બ્રાન્ડિંગમાં કોઈપણ કાયદાનું ઉલ્લંઘન નહીં કરે. સાથે જ દવાની અસરનો દાવો કે કોઈપણ ચિકિત્સા પ્રણાલી વિરુદ્ઘ કોઈપણ રૂપે મીડિયામાં નહીં આપીએ. પરંતુ કંપનીએ ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરવાનું ચાલુ રાખ્યું. તેમાં હાઈ બીપી અને ડાયાબિટીસ સહિત કેટલાય રોગોની સારવારના વાયદા કરવામાં આવ્યા અને સાથે જ એલોપથીની નિષ્ફળતાઓની ટીકા પણ કરી. આ વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે પતંજલિ વિરુદ્ઘ અવમાનના નોટિસ જારી કરી હતી. કંપનીએ નિયમોનું ઉલ્લંઘન કરતા ઉત્પાદનોની જાહેરાત છપાવવાનું ચાલુ રાખ્યું હતું, જ્યારે નવેમ્બરમાં તેણે કોર્ટને એવું નહીં કરવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પતંજલિએ મુખ્ય અખબારોમાં માફીની જાહેરાતો આપવી પડી. પતંજલિની જાહેરાતોમાં એ દાવો કરવામાં આવ્યો છે કે તેમણે શોધના માધ્યમથી પોતાના ફોર્મ્યૂલેશનની પ્રભાવકતાને સાબિત કરી છે. આવી કેટલીય શોધ સાથે સમસ્યા એ છેકે તેમાં જરૂરી શરતોનો અભાવ છે અને તે વિભિન્ન બીમારીઓની સારવારના દાવા સાબિત કરવા માટે અપૂરતા છે. આ ખાસ ફાર્મા ઉદ્યોગમાં પેટન્ટ અને માલિકી દાવાઓ સાથે જોડાયેલી સમસ્યા છે. આ ફોર્મ્યૂલેશનનો ઉલ્લેખ આયુર્વેદના શાસ્ત્રીય પાઠ્યપુસ્તકોમાં નથી કરવામાં આવ્યો, પરંતુ તેમાં અલગ-અલગ માત્રા અને સંયોજનમાં જણાવવામાં આવેલ તત્ત્વો સામેલ છે. સાથે જ ફોર્મ્યૂલેશનનું લાયસન્સ આપવા માટે વિભિન્ન રાજ્ય ઓથોરિટીઓ દ્વારા નિર્ધારિત સુરક્ષા અને પ્રભાવકતા માપદંડો પણ બહુ આકરા નથી. શાસ્ત્રીય આયુર્વેદના પાઠ્યપસ્તકોમાં સીધા નોંધાયેલા ફોર્મ્યૂલેશનમાં ભારે માત્રામાં ધાતુ અને અન્ય સંભવિકત વિષાક્ત અવયવોની હાજરીને કારણે તેની સેફ્ટી પર પહેલેથી જ ચર્ચા ચાલી રહી છે. નવા ફોર્મ્યૂલેશનને બજારમાં લાવતાં પહેલાં વિશ્વસનીય ડેટાની જરૂરિયાત હોય છે. હાલમાં યુપીએ ૩૦થી વધુ આયુર્વેદ ઉત્પાદનો પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યા છે. તેનું કારણ એ હતું કે તેમાંથી કેટલાય ઉત્પાદનોમાં સ્ટીરોઈડ, દર્દ નિવારક અને ઓરલ હાઈપોગ્લાઈસેમિક એજન્ટ મળી આવ્યા હતા. પબ્લિક હેલ્થ માટે આગળના જોખમથી બચવા માટે આયુર્વેદ પ્રતિષ્ઠાને નકલી અને મિલાવટી ઉત્પાદનોના મુદ્દે ગંભીરતાથી પુનર્વિચાર કરવાની જરૂર છે. આ સમસ્યા માત્ર આયુર્વેદ સુધી સીમિત નથી એ પણ જાણી લેવું જોઈએ. હાલનાં વર્ષોમાં ફાર્મા ઉદ્યોગમાં વ્યાવસાયિક હિતો માટે જાહેર સ્વાસ્થ્યને નજરઅંદાજ કરનારા કેટલાય કેસો સામે આવ્યા છે. માત્ર પતંજલિ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આ ચર્ચાને પ્રાથમિકતા આપવાની જરૂર છે. કેટલાક હાલના કેસો પર વિચાર કરીએ જે ઉદ્યોગ અને સાર્વજનિક સ્વાસ્થ્ય વચ્ચે સંઘર્ષને ઉજાગર કરે છે. બ્રિટિશ-સ્વિડીશ બહુરાષ્ટ્રીય ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકાએ કાલે જ અદાલતી દસ્તાવેજોમાં સ્વીકાર કર્યો કે તેની કોવિડ વેક્સીનથી એક દુર્લભ દુષ્પ્રભાવ થ્રોમ્બોસાઈટોપેનિયા સિંડ્રોમ થઈ શકે છે. ટીટીએસ લોહીના ગઠ્ઠા બનાવી શકે છે જે ડીપ વેઈન થ્રોમ્બોસિસ, હાર્ટ એટેક અને સ્ટ્રોકનું કારણ બની શકે છે. આ દુષ્પ્રભાવ તમામ એડેનોવાયરસ વેક્ટર આધારિત રસીઓ માટે સામાન્ય છે. કેટલાય દેશોએ તેની ખબર પડતાં જ આ રસીઓને રોકી દીધી હતી અથવા એજ-રિસ્ટ્રીક્ટેડ કરી દીધી હતી. આ જ રીતે યુકેની એક ઓથોરિટીએ હાલમાં જ ચુકાદો આપ્યો કે ફાઈઝરે ટ્વિટર પર પોતાની લાયસન્સ વિનાની કોવિડ વેક્સીનનો પ્રચાર કર્યો, પરંતુ તેની સાઈડ ઈફેક્ટ્સ વિશે કશું ન જણાવ્યું. આ કંપની પર યુકેમાં દંડ ફટકારવામાં આવ્યો. કંપનીના પ્રવક્તાએ કહ્યું કે કંપનીને ભારે ખેદ છે અને તે ઓથોરિટીના ચુકાદામાં ઉઠાવેલી વાતોથી સંપૂર્ણ રીતે વાકેફ છે અને તેનો સ્વીકાર કરે છે. ત્રીજું ઉદાહરણ આપણા જાહેર સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓનું જોઈએ, તે છે યુરોપીય સંઘની ખાદ્ય સુરક્ષા એજન્સીઓએ ભારતથી નિકાસ કરવામાં આવતા ૫૦૦થી વધુ ખાદ્ય ઉત્પાદનોમાં કેન્સર પેદા કરનારા એથિલીન ઓક્સાઈડની હાજરીનો ખતરો જણાવ્યો છે. ઈન્ડસ્ટ્રી દેશની અર્થવ્યવસ્થામાં યોગદાન આપે છે પરંતુ વાણિજ્યિક હિતો અને સાર્વજનિક સ્વાસ્થ્ય વચ્ચે સંતુલન બનાવવું મહત્ત્વપૂર્ણ છે. ઈન્ડસ્ટ્રી કોઈપણ હાલતમાં હેલ્થને હળવાશથી ન લઈ શકે. ચૂંટણી બોન્ડનો ડેટા દવા ઉદ્યોગ અને રાજકીય પક્ષો વચ્ચે સંભવિત સાંઠગાંઠનો ઈશારો કરે છે. જીવનશૈલીમાં બદલાવ, શારીરિક ગતિવિધિ અને ખાનપાનમાં બદલાવ સાથે જોડાયેલી નોન-ફાર્મા ગતિવિધિઓ તરફ લોકોનું ધ્યાન નથી જતું, કારણ કે કોઈ તેનો પ્રચાર નથી કરતું. હવે પુરાવા-આધારિત દવાઓની અવધારણા પર પાછા આવીએ. ભારતમાં તે એટલા માટે કમજોર છે, કારણ કે સ્વાસ્થ્ય સેવા વિશે દર્દીની પસંદ સામાન્ય રીતે ખોટી માહિતીથી પ્રેરિત હોય છે. તે સોશ્યલ મીડિયા પર વ્યાપક છે. સાથે જ ગરીબી અને અશિક્ષણની પણ તેમાં મહત્ત્વની ભૂમિકા છે. આયુષ અને આધુનિક ચિકિત્સા ક્ષેત્ર અલગ-અલગ કામ કરે છે, જેનાથી ઈન્ફોર્મ્ડ ચોઈસ લગભગ અસંભવ થઈ જાય છે. એ દાવો કરવો કે આયુષનો કોઈ દુષ્પ્રભાવ નથી અને તેનાથી પૂરતો ઈલાજ થાય છે તે સાચું નથી. ડોક્ટર તેની મર્યાદાઓ વિશે નથી જણાવતા. તેણે જનતાને ગુમરાહ કરી છે અને નુકસાન પહોંચાડ્યું છે. આયુષ પ્રતિષ્ઠાને પરિણામોને બહેતર બનાવવા માટે લોકપ્રિયતાને બદલે પુરાવા નિર્માણને પ્રાથમિકતા આપવી જોઈએ. તમામ નાગરિકો માટે સ્વાસ્થ્ય વિશે પ્રામાણિક જાણકારી આસાનીથી ઉપલબ્ધ કરાવવી એક પડકારજનક કામ છે, પણ એ જ એકમાત્ર ઉપાય છે.

ઉલ્લેખનીય છે કે પતંજલિની સાથે જ અદાલતે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ને પણ આડે હાથ લીધું છે. અદાલતે આઈએમએના વકીલને કહી દીધું કે તે પણ ગંભીર પરિણામો માટે તૈયાર રહે. મતલબ, ભ્રામક જાહેરાત પ્રકરણમાં આયુર્વેદ જ નહીં, પરંતુ એલોપથીએ પણ બોધ લેવાની જરૂર છે. આપણે કોવિડ મહામારી સમયે જોયું હતું કે કઈ રીતે ચિકિત્સા જગતમાં પણ અફરાતફરીનો જીવલેણ માહોલ હતો. દરેક શ્વાસનો સોદો થઈ રહ્યો હતો, પરંતુ કોઈ હોસ્પિટલ કે કોઈ ડોક્ટર પરકદાચ જ આંચ આવી હશે. ગંભીર દર્દીઓ પર અનેક પ્રકારના અપુષ્ટ પ્રયોગો કરવામાં આવ્યા અને ખબર નહીં કેટલાય દર્દીઓને પોતાની મોત મરવા માટે છોડી દેવાયા. ચિકિત્સા ક્ષેત્રની ઉણપોનું નુક્સાન ખુદ ડોક્ટરોએ પણ મોટી સંખ્યામાં ભોગવ્યું એ વક્રતા જ કહી શકાય! એલોપથી ખુદને સંત-સજ્જન ગણાવીને બીજી ચિકિત્સા પદ્ઘતિઓને નિશાનો ન બનાવે તો બહેતર રહેશે. સર્વોચ્ચ ન્યાયાલયે ભ્રામક જાહેરાતોના મુદ્દાનો યથોચિત વિસ્તાર કર્યો છે. એ તમામ ઉત્પાદનોની તપાસ થવી જોઈએ જે ભ્રામક જાહેરાતો આપે છે અને જનતાને છેતરે છે. બાબા રામદેવની કોરોનીલનો દાવો તો નિંદનીય છે, પરંતુ શું કોવિશીલ્ડનો બચાવ આઈએમએ કરી શકશે?

# રાહુલ ગાંધીના નિવેદન પર ભડક્યાં દેશના ૧૮૧ શિક્ષણવિદ્ અને કુલપતિઓ, પત્રમાં લખ્યું-'ભ્રમ ફેલાવવાનું બંધ કરો'



નવી દિલ્હી તા. ૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના દેશની યુનિવર્સિટીઓમાં ભરતી અંગેના નિવેદનને લઈને વિવાદ છેડાયો છે. તેમણે કહ્યું હતું કે, 'કુલપતિની નિમણૂક યોગ્યતાને યોગ્યતાને ધ્યાનમાં રાખીને કેટલીક સંસ્થાઓ સાથેના સંબંધોના આધારે કરવામાં આવે છે.' હવે દેશના ૧૮૧ શિક્ષણવિદ્ અને કુલપતિઓએ આ મામલે રાહુલ ગાંધીને પત્ર લખ્યો છે. જેમાં લખ્યું છે કે, 'અમને રાહુલ ગાંધીના નિવેદનોથી જાણવા મળ્યું છે કે તેઓ ભ્રમ ફેલાવી રહ્યા છે કે દેશની યુનિવર્સિટીઓમાં ભરતી મેરિટના આધારે નહીં પરંતુ સંબંધોના આધારે થઈ રહી છે.'

કુલપતિઓએ પત્રમાં લખ્યું કે, 'કુલપતિની નિમણૂક ખૂબ જ કડક, પારદર્શક પ્રક્રિયા હેઠળ કરવામાં આવે છે. આ માટે તે જોવામાં આવે છે કે સંબંધિત વ્યક્તિની શૈક્ષણિક લાયકાત શું છે. યુનિવર્સિટીને આગળ લઈ જવા માટે તેમની પાસે કેટલી વહીવટી કાર્યક્ષમતા અને શું વિઝન છે? અમારી પાસે વ્યાવસાયિક અનુભવ છે અને શૈક્ષણિક લાયકાત પણ મહત્ત્વપૂર્ણ છે. પસંદગી પ્રક્રિયામાં આને ધ્યાનમાં લેવામાં આવે છે. અમે તે તમામ લોકોને આવી કાલ્પનિક વાતો ન કરવા માટે કહીએ છીએ. કોઈપણ તથ્ય વગર ભ્રમ ન ફેલાવો'

રાહુલ ગાંધી વિરુદ્ધ જાહેર કરાયેલા પત્રમાં ૧૮૦થી વધુ શિક્ષણવિદ્ અને કુલપતિઓના હસ્તાક્ષર પણ છે. જેમાં સંગીત નાટક અકાદમી, સાહિત્ય અકાદમી, એનસીઈઆરટી, નેશનલ બુક ટ્રસ્ટ, એઆઈસીટીઈ, યુજીસી સહિતના વડાઓ હસ્તાક્ષર છે. કુલપતિઓનું કહેવું છે કે, 'જો આપણે વૈશ્વિક રેન્કિંગ પર નજર કરીએ તો ભારતીય યુનિવર્સિટીઓમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન થયા છે.'

## ખેડૂતે પુત્રના આર્થિક ત્રાસથી કંટાળી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

જામનગર, તા.૭

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામમાં રહેતા એક ખેડૂતે પોતાના જુગારની લતે ચડી ગયેલા પુત્રના આર્થિક વ્યવહારના ત્રાસના કારણે ઝેરી દવા પી લઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. પુત્ર ઓનલાઈન ગેમિંગમાં મોટી રકમમાં હારી ગયો હોવાથી અને પોતાના કયામાં ન હોવાથી સગા વ્હાલા ની પૈસાની ઉઘરાણી વગેરેના ત્રાસથી કંટાળી જઈ આપઘાત નું પગલું ભરી લીધા નું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના ભણગોર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા તેમજ કટલેરી ની દુકાન ચલાવતા દિપકભાઈ સુભાષભાઈ માણાવદરિયા નામના ૪૭ વર્ષના પટેલ ખેડૂતે ગઈકાલે પોતાની વાડીમાં જંતુનાશક દવા પી લીધા પછી આંબાના ઝાડમાં રસ્સી બાંધી ગળાફાંસ દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ હિતેશભાઈ સુરેશભાઈ માણાવદરિયાએ પોલીસને જાણ કરતાં લાલપુરના એએસઆઈ ડી.સી. ગોહિલ ઘટના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક દીપકભાઈ નો પુત્ર ચાંદ (ઉ.વ.૨૪) કે જે આર્થિક વ્યવહારના કારણે પોતાના કહ્યામાં રહ્યો ન હતો, અને આજથી એકાદ વર્ષ પહેલાં પોતાનો પુત્ર કહયામાં નથી અને તેની સાથે કોઈએ આર્થિક વ્યવહાર કરવો નહીં, તેવી અખબારમાં જાહેરાતો પણ પ્રસિદ્ધ કરાવી દીધી હતી.

ત્યારબાદ છેલ્લા છ માસથી તેનો પુત્ર ચાંદ ઘર છોડીને ચાલ્યો ગયો હતો, ત્યારથી દિપકભાઈ ગુમસુમ રહેતા હતા, અને આખરે ગઈકાલે જિંદગીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધો હોવાનું જાહેર કરાયું હતું. પોલીસને વધુમાં જણાવ્યા અનુસાર મૃતક દીપકભાઈ નો પુત્ર ચાંદ કેજે અગાઉ ઓનલાઈન ગેમિંગમાં મોટી રકમ હારી ગયો હોવાથી તેણે સગા સંબંધીઓ પાસેથી ઉછીના પૈસા મેળવી ને મોટો કરજો કરી લીધો હતો.પિતા પાસે તમામ લોકોએ પૈસાની ઉઘરાણી કરી હોવાથી સમગ્ર મામલો સામે આવ્યો હતો, અને પોતાનનો પુત્ર કહ્યામાં નથી, અને કોઈએ આર્થિક વ્યવહાર કરવો નહીં, તેવી જાહેરાત પણ કરાવી હતી. આ સમગ્ર મામલે લાલપુર પોલીસ વધુ તપાસ ચલાવે છે.

## કેશોદ જલારામ મંદિરે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૭

કેશોદ જલારામ મંદિર ખાતે છેલ્લા ઘણા વર્ષથી યોજાતા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પમાં અત્યાર સુધીમાં ૩૧૪ જેટલાં નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યા છે જેમાં લગભગ ૨૨૪૦૯ જેટલાં મોતિયાના દર્દીના ફ્રી ઓપરેશન રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ દ્વારા કરવામાં આવેલ છે. જલારામ મંદિરે પહેલા અને ત્રીજા રવિવારે વર્ષોથી રણછોડદાસજી આશ્રમ ટ્રસ્ટ રાજકોટના સહયોગથી નેત્ર નિદાન કેમ્પ રાખવામાં આવે છે.

કેમ્પની શરૂઆત કેમ્પમાં ભોજન દાતા વિરમભાઈ ઓડેદરા જલારામ મંદિર નાં ટ્રસ્ટી રમેશભાઈ , દિનેશ કાનાબાર, ડો સ્નેહલ તન્ના, રફીક મહીડા, ડો પરિતોષ પટેલ ભૂપેન્દ્ર જોશી વગેરે મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવેલ .

આ નેત્ર નિદાન કેમ્પમાં ૨૧૦ જેટલા દર્દીઓને ડોક્ટર પરિતોશ પટેલ તથા શ્વેતા પટેલ દ્વારા તપાસીને ૭૦ દર્દીઓ ને બસ દ્વારા ઓપરેશન માટે રાજકોટ રણછોડદાસજી હોસ્પિટલમાં મોકલવામાં આવેલા હતા. તેમજ ડૉ ભૂમિ વણપરિયા એ સાંધાના દુઃખાવા, સાયટિકા વગેરે ની સારવાર નિઃશુલ્ક આપી હતી. અશ્વિન ભાઈ પટેલ , દક્ષાબેન મહેતા, મામલતદાર ત્રિવેદી સાહેબ દ્વારા દર્દીઓ નું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

કેશોદ જલારામ મંદિર દ્વારા જલારામ બાપાના આદર્શો સાથે કરવામાં આવતી દરેક સેવાઓ નિઃશુલ્ક કરવામાં આવે છે તેમજ દરરોજ સાંજનું અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવે છે જેમાં ૭૦ થી ૮૦ જરૂરીયાતમંદ લોકો , સાધુસંતો ને નીરાધારો ને ભોજન આપવામાં આવે છે. ડો ભૂપેન્દ્ર જોશી ,ભગવતસિંહ તથા માધા ભાઈ બોરિયા દ્વારા દર્દીઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### આતંકવાદી હુમલામાં ૩૮ ટકાનો વધારો

## આતંકવાદીઓને પોષતું પાકિસ્તાન હવે પોતે જ તેનો શિકાર બની રહ્યું છે

### પાકિસ્તાનમાં છેલ્લા એક મહિનામાં ૭૭ આતંકવાદી હુમલાઓ થયા, ૪ મહિનામાં ૩૨૩ લોકો માર્યા ગયા

ઈસ્લામાબાદ, તા.૭

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ સ્થિત એક થિંક-ટેંક દ્વારા સુરક્ષા મૂલ્યાંકન અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે માર્ચમાં થોડા સમય પછી, એપ્રિલમાં પાકિસ્તાનમાં ફરી એકવાર આતંકવાદી હુમલામાં વધારો થયો છે.

ગયા મહિને દેશની અંદર ૭૭ હુમલા થયા હતા. ડૉન ન્યૂઝના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર કોન્ફિલકટ એન્ડ સિક્યોરિટી સ્ટડીઝ (PICSS)એ એક રિપોર્ટમાં કહ્યું છે કે ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વાએ આ હુમલાઓનો ભોગ લીધો છે.

આ વિસ્તારમાં ૩૫ નાગરિકો અને સુરક્ષા દળોના ૩૧ સભ્યો સહિત ૭૦ લોકો માર્યા ગયા છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે હુમલામાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા અને ૩૨ નાગરિકો અને ૩૫ સુરક્ષાકમીઓ ઘાયલ થયા. તેની સરખામણીમાં માર્ચ દરમિયાન ૫૬ આતંકવાદી હુમલા થયા હતા, જેમાં ૭૭ લોકોના મોત અને ૬૭ લોકો ઘાયલ થયા હતા.આ આંકડા દેશમાં આતંકવાદી હુમલાની સંખ્યામાં ૩૮ ટકાનો વધારો દર્શાવે છે. જો કે, મૃત્યુમાં નવ ટકાનો ઘટાડો થયો છે અને ઘાયલોની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી. સુરક્ષા અહેવાલમાં છેલ્લા મહિના દરમિયાન અનેક સંભવિત હુમલાઓને નિષ્ફળ બનાવવા માટે દેશના સુરક્ષા દળોના પ્રયાસોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે આત્મઘાતી હુમલામાં સામેલ લોકો સહિત ઓછામાં ઓછા ૫૫ શંકાસ્પદ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને અન્ય ૧૨ની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે, માર્ચની સરખામણીમાં આતંકવાદીઓના મૃત્યુમાં ૫૫ ટકાનો વધારો થયો છે.પંજાબમાં પણ આતંકવાદી ગતિવિધિઓમાં વધારો જોવા મળ્યો હતો. માર્ચના એક હુમલાની સરખામણીએ એપ્રિલમાં ચાર હુમલા થયા હતા અને આ સમયગાળા દરમિયાન ત્રણ મૃત્યુ થયા હતા. સિંધમાં એક હુમલો અને ત્રણના મોત નોંધાયા હતા. રિપોર્ટ અનુસાર, આ વર્ષના પહેલા ચાર મહિનામાં દેશની અંદર ૩૨૩ આતંકી હુમલા થયા, જેમાં ૩૨૪ લોકોના મોત થયા અને ૩૮૭ ઘાયલ થયા.

## ચેક રીટર્નનાં કેસમાં પિતા-પુત્રને ૨ વર્ષની રાજા ફટકારતી કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

હાથ ઉછીના નાંણા લઈ આ નાંણાના ચુકવણા માટે આપેલા એકા પાસે થયા વગર પરત ફરતા આ અંગેનાં કોર્ટમાં ચેક આપનાર પિતા પુત્ર વિરૂદ્ધ અલગ-અલગ કેસો થયેલા તે કેસોમાં નામદાર કોર્ટે આ પિતા-પુત્રને ૨ વર્ષની જેલની સજા ફટકારેલ છે.

આ કિસ્સાની વિગત એવી છે કે, વિસાવદર તાલુકાનાં કાલસારી ગામનાં ગીરીશભાઈ દુર્લભજીભાઈ અમીપરાએ રૂા. ૫ લાખ તથા તેના પિતા દુર્લભજીભાઈ શામજીભાઈ અમીપરાએ રૂા.૧૪ લાખ ની રકમ પોતાની નાંણાકીય જરૂરીયાત માટે આજ ગામનાં રહીશ રમણીકભાઈ પાસેથી હાથ ઉછીની લીધેલ અને આ રકમનું ચુકવણું પેમેન્ટ કરવા માટે આ પિતા, પુત્રએ પોત-પોતાના બેંક ખાતાનાં જે ચેકો ફરીયાદી રમણીકભાઈને આપેલાં તે ચેકો પાસ થયા વગર ખાતુ બંધ હોવાનાં શેરા સાથે પરત ફરતા આ અંગે ચેક રીટર્નનાં કેસો આ પિતા-પુત્ર વિરૂધ્ધ નામદાર વિસાવદર કોર્ટમાં કરવામાં આવેલા અને આ બંને કેસોની સુનવણી વખતે આ કેસોના ફરીયાદી રમણીકભાઈ તરફે જૂનાગઢનાં ધારાશાસ્ત્રી મનોજ દવે તથા રાજુભાઈ દવે એ દલીલો કરેલ તે દલીલો ગ્રાહય રાખી આરોપી પક્ષે વિસાવદરનાં સિનિયર વકીલે કરેલ દલીલો ફગાવી દઈ વિસાવદરનાં નામદાર જયુ. મેજી. (ફ.ક.) સામિત્ર ત્રિવેદીએ આ ચેકો આપનાર પિતા-પુત્ર દુર્લભજીભાઈ અમીપરા તથા તેના પુત્ર ગીરીશભાઈને ૨ વર્ષની જેલની સજા તથા દુર્લભજીભાઈએ રૂા.૪૨ લાખ તથા ગીરીશભાઈને રૂા.૧૦ લાખનું વળતર રમણીકભાઈને ચુકવી આપવા હુકમ કરેલ છે તેમજ જો આ વળતરની રકમ ન ચુકવે તો વધારાની છ મહિનાની સજા ફટકારતો હુકમ કરેલ છે.

## સ્વામીનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ખાતે ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ સોરઠ દેશના રાજાધિરાજ મહાપ્રતાપી શ્રી રાધારમણ દેવ, શ્રી રણછોડ-ત્રીકમરાય, શ્રી સિદ્ધેશ્વર મહાદેવજીના પવીત્ર સાનિધ્યમાં પ્રતિ વર્ષ વિવિધ ઉત્સવો ભગવાનની આજ્ઞા અનુસાર થતા હોય છે તે અનુસાર જૂનાગઢ મંદિરના સહુ સંતોના માર્ગદર્શન વડીલ સ.ગુ.કો.સ્વા. દેવનંદનદાસજીના માર્ગદર્શન અનુસાર તા.૬-૫-૨૦૨૪ સોમવારના રોજ બધા દેવોને આમ્રભોગ મનોરથ શ્રી સિદ્ધેશ્વર મહાદેવજીનો પુષ્પાભિષેક શિખર ઉપર નૂતન ધ્વજા આરોહણ તથા સંત બ્રહ્મચારી પાર્ષદોને રસોઈ આયોજન કરેલ છે. જેના મુખ્ય મનોરથી મુંબઈ નિવાસી અ.નિ.વેણીશંકર કાલીદાસભાઈ ઓઝાના મોક્ષાર્થે પુત્ર હ.સુપુત્ર પ.ભ.શ્રી ભરતભાઈ વેણીશંકરભાઈ ઓઝા યજમાન પદે દિવ્ય મહોત્સવ ઉજવાશે એવું કોઠારી સ્વામી શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામી એવમ્ ચેરમેન સ્વામી પી.પી.સ્વામી તથા સમસ્ત ટ્રસ્ટી મંડળે જણાવ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈમાનદારીથી કમાયેલું ધન મનુષ્યની સાત્વિક બુધ્ધિનો વિકાસ કરે છે.

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧૪ દર્શ અમાવસ્યા તા.૭ મે ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૭, અશ્વિની નક્ષત્ર, આયુષ્માન યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૧૪, સૂ.અ.૭:૨૧

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવું સાહસ ટાળવું હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે.
વૃષભ:અગત્યના કાર્યમાં સફળતા મળે. વડીલવર્ગથી લાભ રહે.
મિથુન:વાણીસંયમ જાળવવો હિતાવહ. નાનો પ્રવાસ થાય.
કર્ક: જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.જીવનસાથીથી સંઘર્ષ ટાળવો.
સિંહ: યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
કન્યા: અણધાર્યો ધન લાભ થાય. શત્રુ નમતા આવે.
તુલા: ખોટા ખર્ચના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. ગૃહવિવાદ ટાળવો.
વૃશ્ચિક:માનસિક વ્યથા અનુભવાય. લાભની તક હાથમાંથી સરી જાય.
ધન: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ક્રોધ ટાળવો હિતાવહ.
મકર: માંગલિક કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.
કુંભ: આરોગ્ય અંગે સંભાળવું. મનની મુરાદ બર ન આવે.
મીન: અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. ખર્ચનો પ્રસંગ બને.

### લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની...

## નેપાળમાં ૧૦૦ રૂપિયાની નવી નોટમાં વિવાદિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૭

માહિતી અને સંદેશાવ્યવહાર મંત્રી રેખા શર્માએ કહ્યું, "૨૫ એપ્રિલ અને ૨ મેના રોજ યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે ૧૦૦ રૂપિયાની બેંક નોટને ફરીથી ડિઝાઈન કરવા અને બેંક નોટની પૃષ્ઠભૂમિમાં છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી." નેપાળે શુક્રવારે નકશા સાથે ૧૦૦ રૂપિયાની નવી નોટ છાપવાની જાહેરાત કરી હતી. આ નોંધો લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીના વિવાદિત વિસ્તારો દર્શાવે છે, જેને ભારત પોતાનો વિસ્તાર માને છે અને તેને "કૃત્રિમ વિસ્તરણ" અને "અસ્થિર" તરીકે ઓળખાવ્યું છે.એજન્સી અનુસાર, સરકારના પ્રવકતા રેખા શર્માએ કેબિનેટના નિર્ણયની જાણકારી મેળવ્યા બાદ કહ્યું કે, "વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ'ની અધ્યક્ષતામાં મળેલી મંત્રી પરિષદની બેઠકમાં નેપાળનો નવો નકશો છાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. , જેમાં લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીને રૂ. ૧૦૦ સાથે ચિહ્નિત કરવામાં આવશે. "બેંક નોટ્સમાં સામેલ."માહિતી અને સંદેશાવ્યવહાર મંત્રી રેખા શર્માએ કહ્યું, "૨૫ એપ્રિલ અને ૨ મેના રોજ યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે ૧૦૦ રૂપિયાની બેંક નોટને ફરીથી ડિઝાઈન કરવા અને બેંક નોટની પૃષ્ઠભૂમિમાં છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી."૧૮ જૂન, ૨૦૨૦ ના રોજ, નેપાળે તેના બંધારણમાં સુધારો કરીને લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાના ત્રણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોને સમાવવા માટે દેશના રાજકીય નકશાને અપડેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી. ભારતે આ નિર્ણય પર તીખી પ્રતિક્રિયા આપી અને તેને "એકપક્ષીય કૃત્ય" ગણાવ્યું.ભારત લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા પર પોતાનો અધિકાર જાળવી રાખે છે. નેપાળ પાંચ ભારતીય રાજ્યો - સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તારાખંડ સાથે ૧,૮૫૦ કિલોમીટરથી વધુની સરહદ ધરાવે છે.

# ગુજરાતની જનતા ઉપર મોંઘવારીનો માર : સિંગતેલના ભાવ વધ્યા



અમદાવાદ, તા.૭

જનતા ઉપર સતત મોંઘવારીનો માર પડી રહ્યો છે. જીવન જરૂરિયાતની ખાદ્ય સામગ્રી સહિતની દરેક વસ્તુઓ મોંઘી થઈ રહી છે ત્યારે વર્ષની શરૂઆતથી જ ખાદ્ય ખાદ્યતેલમાં ભાવ વધારા કરાઈ રહ્યો છે. ત્યારે ૨૦૨૪ની શરૂઆતથી ચોથીવાર સિંગતેલના ભાવમાં વધારો થયો છે. મે મહિનાની શરૂઆતમાં જ સિંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. આજે ખૂલતા બજારમાં સિંગતેલના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. રાજકોટના તેલ બજારમાં સિંગતેલમાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે. ભાવ વધારા બાદ સિંગતેલનો ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૫૬૫ રૂપિયા થયો છે. તેલના વેપારીઓના જણાવ્યા અનુસાર, હજુ એક અઠવાડિયા સુધી સિંગતેલના ભાવમાં વધ-ઘટ થવાની શક્યતા છે. મગફળીની આવક ઘટતા સિંગતેલના ભાવ વધ્યા છે. મગફળીની જે આવક છે તે સિંગદાણામાં ખપી જતી હોવાથી પીલાણમાં નથી જતી. આ કારણે સિંગતેલ સતત મોંઘુ થતુ જઈ રહ્યું છે. ગત વર્ષમાં તેલના ભાવોમાં સતત વધારા ઝીંકાઈ રહ્યાં છે. જેને કારણે નાગરિકો ઉપર મોંઘવારીનો માર પડી રહ્યો હતો. પરંતુ લાંબા સમયથી ખાદ્યતેલના ભાવ અંકુશમાં હતા. પરંતુ હવે ૨૦૨૪માં ફરી આ વધારો ચાલુ થયો છે. આ વર્ષમાં પહેલીવાર તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. ત્યારે ખાદ્ય તેલોમાં વધારો થતા ગ્રાહકો ઉપર આ બોજો પડશે. તેનાથી ગૃહિણીઓના બજેટને સીધી અસર પડશે.

## કનુ દેસાઈના નિવેદનથી કોળી સમાજમાં ભારે રોષ

# કોળી સમાજ અંગે વિવાદિત નિવેદન મામલે નાણામંત્રીના રાજીનામાની કરાઈ માંગણી

### આ મામલે સુરેન્દ્રનગર, આણંદ અને વલસાડમાં કોળી સમાજના આગેવાનો દ્વારા કલેકટરને આવેદન

વઢવાણ તા.૭

પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલ ટિપ્પણી અંગેનો વિવાદ શમવાનું નામ નથી લેતો ત્યારે હવે નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા કોળી સમાજ વિરૂદ્ધ કરેલા અપમાનજનક નિવેદનનો સમગ્ર રાજયમાં વિરોધ થઈ રહ્યો છે. સુરેન્દ્રનગર, આણંદ અને વલસાડ સહિત જિલ્લામાં કોળી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં કોળી સમાજ દ્વારા વિરોધ દર્શાવી કલેકટરનો આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ત્યારે આ અંગે આવનાર સમયમાં વિરોધ ઉગ્ર બને તેવી શકયતાઓ જોવા મળી રહી છે. વલસાડના પારડીના ઓરવાડા ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં નાણામંત્રી કનુ દેસાઈએ એક વિવાદિત નિવેદન આપ્યું હતું કે કોળિયા કુટાય અને ધોડિયા ચૂંટાય. બે અઠવાડિયા પહેલા આપેલા તેમના આ નિવેદનને લઈને કોળી સમાજમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે અને સમાજ દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે ત્યારે આવનાર દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બને તેવી શકયતા છે. જિલ્લા કલેકટર કચેરી ખાતે સમસ્ત કોળી સમાજ વતી આગેવાનોએ આવેદનપત્ર પાઠવી વિરોધ કર્યો હતો. તેમજ અપમાનજનક નિવેદન બદલ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા માફી માગવામાં આવે તેમજ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી. આ અંગે આગામી દિવસોમાં કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમસ્ત કોળી સમાજ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ૧૯ જેટલા ગામોના કોળી સમાજના આગેવાનો દ્વારા પણ તારાપુર મામલતદાર કચેરી સામે વિરોધ પ્રદર્શન કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું તેમજ કોળી સમાજ વિશે ટિપ્પણી કરનાર કનુ દેસાઈ વિરૂદ્ધ ગુનો નોંધવા માટે તારાપુર પોલીસ મથકમાં અરજી આપી હતી. તેમજ આ અંગે કનુ દેસાઈ માફી માંગે નહી તો તારાપુર તાલુકામાં ૩૫ હજાર મત ધરાવતો કોળી સમાજ ભાજપ વિરૂદ્ધ મતદાન કરી ઝડબાતોડ જવાબ આપશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે બીજી તરફ નવસારી કોંગ્રેસ અને કોળી પટેલ સમાજના અગ્રણીઓએ વલસાડ કલેકટરને આવેદનપત્ર પાઠવી રાજયના નાણામંત્રીના રાજીનામાની માંગ કરી હતી. કોળી પટેલ સમાજમાં ભાજપ વિરૂદ્ધ વિવાદનો મધપુડો છંછેડાતા રાજય નાણામંત્રીને વાપી ખાતે ભાજપ પ્રચાર દરમ્યાન વિવાદિત નિવેદન અંગે પૂછતા તેઓએ આ મુદ્દે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

# વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ : ભારત ૧૬૧મા ક્રમે, પાકિસ્તાન ૧૫૦, અફઘાનિસ્તાન ૧૫૨મા ક્રમે

(એજન્સી) તા.૭

તાજેતરના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ ૧૬૧માં સ્થાને આવી ગયું છે, જે દેશમાં અખબારી સ્વતંત્રતામાં ચિંતાજનક ઘટાડો દર્શાવે છે. આ રેન્ક ભારતમાં પત્રકારો અને મીડિયા આઉટલેટ્સના વર્તમાન પડકારો દર્શાવે છે અને વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં લોકશાહીની સ્થિતિ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે ચેતવણી છે. ભારતના રેન્કિંગમાં આ ઘટાડો નોંધપાત્ર છે. આ ઘટાડો અખબારી સ્વતંત્રતાના કથળતા ચિંતાજનક વલણને દર્શાવે છે અને આ ઘટાડા માટે વિવિધ પરિબળો છે. પ્રેસ સ્વતંત્રતા એ લોકશાહીનો પાયાનો પથ્થર છે જે માહિતીની મુક્ત રજૂઆત અને સત્તામાં રહેલા લોકોને જવાબદાર રાખવાની પત્રકારોની ક્ષમતાને દર્શાવે છે. અખબારી સ્વતંત્રતા પ્રતિબંધિત થાય છે ત્યારે લોકશાહી નબળી પડે છે અને નાગરિકોના નિષ્પક્ષ માહિતી મેળવવાના અધિકારોને જોખમમાં મૂકે છે. વૈશ્વિક મીડિયા વોચડોગ રિપોર્ટર્સ વિથાઉટ બોર્ડર્સના અહેવાલમાં વિશ્વ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારત ગત વર્ષના ૧૮૦ દેશોમાંથી ૧૫૦ ક્રમથી વધુ સરકીને ૧૬૧માં સ્થાને આવી ગયું છે, ૨૦૨૧માં ભારત ૧૪૨મા ક્રમે હતું. બાંગ્લાદેશ (૧૬૩), મ્યાનમાર (૧૭૩) અને ચીન (૧૭૯) સિવાય અન્ય તમામ પડોશીઓ ભારત કરતાં વધુ સારી રેન્ક ધરાવે છે-ભૂટાન (૯૦), નેપાળ (૯૫), શ્રીલંકા (૧૩૫), પાકિસ્તાન (૧૫૦), અફઘાનિસ્તાન (૧૫૨) ક્રમે છે. વર્લ્ડ પ્રેસ ડે ઉપર જાહેર કરાયેલા ઈન્ડેક્સ મુજબ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ૨૦૨૨થી તેમની રેન્કિંગમાં અનુક્રમે ૧૫૭ અને ૧૫૬થી સુધારો કર્યો છે. આ રેન્કિંગ પાંચ શ્રેણીઓ ઉપર આધારિત છે-રાજકીય, કાયદાકીય, આર્થિક, સામાજિક સાંસ્કૃતિક અને પત્રકારોની સુરક્ષા. ભારત રાજકીય સૂચકાંકોમાં ૧૬૯મા સ્થાને છે અને તે કાયદાકીયમાં ૧૪૪મા, આર્થિકમાં ૧૫૫મા, સામાજિક સૂચકાંકોમાં ૧૪૩મા અને પત્રકારોની સુરક્ષામાં ૧૭૨મા સ્થાને હતું. ડિજિટલ સેન્સરશીપનો ઉદય ભારતમાં પ્રેસની સ્વતંત્રતા માટે એક નવો ખતરો છે. સમાચાર પ્રસારણ માટે સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મના વધતા ઉપયોગ સાથે ઓનલાઈન સેન્સરશીપ અને સર્વેલન્સનું વલણ વધી રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ઉપર સરકારની ટીકાત્મક ગણાતી સામગ્રીને સેન્સર કરવાનું દબાણ છે, જેના કારણે પત્રકારોની સ્વ-સેન્સરશીપ થાય છે અને મુક્ત અભિવ્યક્તિ માટે ઓનલાઈન પ્રતિબંધ આવે છે. ભારતની પ્રેસ સ્વતંત્રતામાં ઘટાડો ચિંતાજનક છે, ત્યારે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં તેમની પ્રેસ સ્વતંત્રતા રેન્કિંગમાં સુધારો જોવા મળ્યો છે જેમાં પાકિસ્તાન ૧૫૦મા સ્થાને અને અફઘાનિસ્તાન ૧૫૨મા સ્થાને છે. ઉગ્રવાદી જૂથો અને સરકારી સેન્સરશિપ સહિતની ધમકીઓ સહિત બંને દેશોમાં પત્રકારો માટેના પડકારજનક વાતાવરણને જોતાં આ સુધારાઓ નોંધપાત્ર ગણવામાં આવે છે.




# ઉત્તરપ્રદેશના ચૂંટણી રાજકારણમાં દલિતોનું વિશેષ મહત્ત્વ છે

નવી દિલ્હી, તા.૭

ઉત્તરપ્રદેશમાં લોકસભાની ચૂંટણીના ભાગરૂપે, કોંગ્રેસે તેના નવા પ્રદેશ અધ્યક્ષ અજય રાયની આગેવાની હેઠળ **BSP**ના સ્થાપક કાંશીરામની પુણ્યતિથિ (૯ ઓકટોબર) ઉપર દલિત ગૌરવ સંવાદયાત્રા શરૂ કરી છે. પાર્ટીએ તેના દલિત સંપર્ક કાર્યક્રમોના ભાગરૂપે ગામડાઓ અને શહેરના ચોકમાં દલિત પંચાયતોનું આયોજન પણ કર્યું હતું. સમાજવાદી પાર્ટી **(SP)**, મુખ્યત્વે ઓબીસી અને મુસ્લિમોનો પક્ષ છે, તેણે તેની જ્ઞાતિની ગણતરીઓને ફરીથી ગોઠવી અને પીડીએ ફોર્મ્યુલા (પિછડા દલિત અલ્પસંખ્યક) અપનાવી છે જેમાં દલિતો મુખ્ય સ્થાન ધરાવે છે. સપાના વડા અખિલેશ યાદવે એમપીમાં ઈન્દોર નજીકના મહુ શહેરમાં દલિત પ્રતિક અને સમાજ સુધારક ડો. બી આર આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ તેમણે બરેલીમાં બસપાના સંસ્થાપક માન્યવર કાંશીરામની પ્રતિમાનું ઉદઘાટન કર્યું. આંબેડકરવાહિનીના નામ ઉપર તેની નવી ફ્રન્ટલ યુવા પાંખ પણ શરૂ કરી. જો કે શાસક ભાજપે રાજયભરમાં અનેક દલિત સંમેલનોનું આયોજન કર્યું હતું, જેમાં યોગી આદિત્યનાથ સહિત રાજયના ટોચના ભાજપ નેતૃત્વએ હાજરી આપી હતી. **BSP** વડા માયાવતીની નિષ્ક્રિયતા અને છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં પક્ષના નિરાશાજનક પ્રદર્શનથી ઉત્સાહિત અન્ય રાજકીય પક્ષો દલિતોમાં સમર્થન મેળવવા અને તેઓને એકીકૃત કરવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે. સપા અને કોંગ્રેસ તો બસપાને ભાજપની બીટીમ તરીકે બ્રાંડ કરી રહ્યા છે જે ભગવા પક્ષને મદદ કરવા માટે ઉમેદવારો ઉભા કરી રહી છે. જો કે, માયાવતીના ભત્રીજા અને પક્ષના રાષ્ટ્રીય સંયોજક આકાશ આનંદ આક્રમક ઝુંબેશ હાથ ધરીને અને **BSP**ને દલિતોના વાસ્તવિક અને નિષ્ઠાવાન મસીહા તરીકે રજૂ કરી રહ્યા છે. યુપીની લગભગ ૨૧.૧ ટકા દલિત વસ્તી રાજયમાં એક મહત્વપૂર્ણ રાજકીય બળ રહી છે. આઝાદી પછી લગભગ ચાર દાયકાઓ સુધી, દલિતો મોટાભાગે કોંગ્રેસ સાથે રહ્યા પરંતુ ૮૦ના દાયકાના મધ્યમાં બસપાના આગમન સાથે ધીમે ધીમે અલગ થઈ ગયા. નબળી પડી ગયેલી બસપા અને નિષ્ક્રિય માયાવતીને લીધે દલિતો ફરીથી નવો વિકલ્પ શોધી રહ્યા છે. ચંદ્રશેખર આઝાદની આઝાદ સમાજ પાર્ટી **(ASP)** તેમના માટે સક્ષમ વિકલ્પ તરીકે ઉભરી આવી નથી. પરિણામે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપે દલિત વોટ બેંક મેળવવામાં સફળતા મેળવી છે. **UP**માં ૧૭ આરક્ષિત (અનુસૂચિત જાતિ માટે) લોકસભા બેઠકોમાંથી, **BJP** ૧૫ જીતવામાં સફળ રહી હતી જ્યારે **BSP** અને **SP** મળીને ૨૦૧૯માં માત્ર બે જ જીતી શક્યા હતા. જો કે, સપા અને કોંગ્રેસ આ ચૂંટણીની સીઝનમાં દલિતોને ભાજપથી દૂર કરવા માંગે છે. પરંતુ તેમના ઉત્થાન માટે સ્પષ્ટ કાર્યસૂચિ વિના, તે એક કપરૂ કાર્ય સાબિત થઈ શકે છે.

# અમદાવાદ અને ગાંધીનગરમાં છે રાષ્ટ્રીય સ્તરની એકથી એક ચડિયાતી યુનિવર્સિટીઓ, ખોલો ઉજ્જવળ કારકિર્દીના દ્વાર

**મિત્રો જો હું તમને ગુજરાતમાં જ અને ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર ખાતે આવેલી એવી ખ્યાતનામ સંસ્થાઓના પરિચય કરાવું કે જ્યાં પ્રવેશ મેળવવો તે જ એક ગર્વની વાત છે, બીજું કે ગુજરાત બહારના લોકો અહીં પ્રવેશ મેળવવા માટે પુષ્કળ મહેનત કરતા હોય છે અને અહીં અભ્યાસ કર્યા પછી વિદેશ સેટલ થવાના પણ ચાન્સીસ વધી જાય છે. પાછલા દસથી પંદર વર્ષમાં અત્રે એવી એવી સંસ્થાઓ બની છે કે દરેક પ્રકારના શિક્ષણ એટલે કે સ્પોર્ટસથી લઈને સ્પેસ સુધીના તમે મેળવી શકો છો. વિશાળ કેમ્પસ, સારામાં સારી હોસ્ટેલ વ્યવસ્થા, ફૂડ, સમૃદ્ધ લાઈબ્રેરી અને માળખાકીય સુવિધાયુક્ત આ સંસ્થાઓ એવી છે કે ઘણા વિદ્યાર્થીઓને તો ઘરની પણ યાદ નથી આવતી અને એક ધ્યેય લઈને અહીં અભ્યાસમાં પ્રવૃત્ત થઈ જાય છે.**

મિત્રો હવે ટૂંક સમયમાં જ ધોરણ-૧૨ના પરિણામો આવશે અને શાળાકીય શિક્ષણ પૂર્ણ કરીને કારકિર્દીનો સૌથી મહત્ત્વનો અને ગંભીર વળાંક એટલે કે કોલેજનું શિક્ષણ શરૂ થશે ત્યારે દરેક વિદ્યાર્થીઓ એક આશા અને અરમાનો સાથે પોતાના રસના વિષયમાં આગળ અભ્યાસ કરતા હોય છે. ઉચ્ચ કારકિર્દી બનાવીને નામ અને દામ બનાવે તેવા સપના જોતા હોય છે. ઘણા વિદ્યાર્થીઓ ગુજરાત બહાર કે પછી દેશ બહાર અભ્યાસ કરીને ત્યાં સેટલ થવા માટે ઈચ્છતા હોય છે. મુખ્ય ધ્યેય એવો હોય છે કે સારૂ શિક્ષણ મળે અને પછી વિદેશમાં સેટલ થઈનેર સારી લાઈફ સ્ટાઈલ જીવી શકાય. પરંતુ મિત્રો જો હું તમને ગુજરાતમાં જ અને ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર ખાતે આવેલી એવી ખ્યાતનામ સંસ્થાઓના પરિચય કરાવું કે જ્યાં પ્રવેશ મેળવવો તે જ એક ગર્વની વાત છે, બીજું કે ગુજરાત બહારના લોકો અહિં પ્રવેશ મેળવવા માટે પુષ્કળ મહેનત કરતા હોય છે અને અહિં અભ્યાસ કર્યા પછી વિદેશ સેટલ થવાનાપણ ચાન્સીસ વધી જાય છે.

મિત્રો બીજી અગત્યની વાત જણાવું કે, પાછલા દસથી પંદર વર્ષમાં અત્રે એવી એવી સંસ્થાઓ બની છે કે દરેક પ્રકારના શિક્ષણ એટલે કે સ્પોર્ટસથી લઈને સ્પેસ સુધીના તમે મેળવી શકો છો. વિશાળ કેમ્પસ, સારામાં સારી હોસ્ટેલ વ્યવસ્થા, ફુડ, સમૃદ્ધ લાઈબ્રેરી અને માળખાકીય સુવિધાયુક્ત આ સંસ્થાઓ એવી છે કે ઘણા વિદ્યાર્થીઓને તો ઘરની પણ યાદ નથી આવતી અને એક ધ્યેય લઈને અહિ અભ્યાસમાં પ્રવૃત્ત થઈ જાય છે. તો ચાલો આજે તમને અમદાવાદ અને ગાંધીનગરમાં આવેલી પ્રિમિયમ શૈક્ષણિક સંસ્થાઓનો પરિયય કરાવું. મિત્રો ખાસ ધ્યાન રાખજો કે આવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે ધ્યેય રાખવો અને જો ના મળે તો જ બીજી સંસ્થા તરફ જોવું. કારણ કે અહિની કેટલીક સંસ્થાઓમાં પ્રવેશ મળે એટલે સમજી લો બેડો પાર થઈ ગયો. ચાલો વધુ વિગતો લેખના આગામી ભાગમાં જાણીએ.

**ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદ (આઇઆઇએમ-એ)**

આઈઆઈએમ-એ આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ મેનેજમેન્ટ સંસ્થા છે. એટલે કે જો તમે મેનેજમેન્ટ ક્ષેત્રે ટોચની કારકિર્દી બનાવવા માગતા હોવ તો આના જેવી ઉત્તમ સંસ્થા ગુજરાતમાં ક્યાંય નથી. અરે દેશમાં ટોચની મેનેજમેન્ટ સ્કૂલ તરીકે પ્રખ્યાત છે. તેના પાસ આઉટ સ્ટુડન્ટસ આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં ટોચના હોદ્દા ઉપર હોય છે. એટલું જ નહિ વિદેશમાં સ્થાયી થઈને ખૂબ નામ અને દામ મેળવે છે. અહિં અલગ-અલગ પ્રકારના મેનેજમેન્ટના કોર્ષ થાય છે. આથી જો તમે મેનેજમેન્ટમાં કારકિર્દી બનાવવા માંગતા હોવ તો અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી આ સંસ્થાની મુલાકાત લઈ લેવી.

દેશમાં ટોપના મેનેજમેન્ટ પ્રોફેશનલ્સ અને તે ક્ષેત્રમાં સંશોધનો કરવા માટે ભારતમાં સૌ પ્રથમ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ કોલકતા ખાતે વર્ષ ૧૯૬૦માં શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૬૧માં અમદાવાદ અને પછીના વર્ષોમાં બેંગ્લોર, લખનૌ, કોઝીકોડ અને ઈંદોર ખાતે આ સંસ્થાઓ શરૂ કરવામાં આવી હતી. હાલમાં દેશના કુલ અનેક શહેરોમાં આઈઆઈએમ છે. દેશના ટોચની કોર્પોરેટ અને આંતરરાષ્ટ્રીય કંપનીના મેનેજરો, સીઈઓ, પ્રેસિડેન્ટ કક્ષાના યુવાનો અને યુવતી આઈઆઈએમમાંથી અભ્યાસ કરેલા હોય છે. માત્ર દેશ જ નહિ પરંતુ આતરાષ્ટ્રીય દૃષ્ટિઓ પણ તેઓની જબરજસ્ત ડિમાન્ડ હોય છે. દેશની કોઈપણ આઈઆઈએમ સ્વાયત્ત સંસ્થાઓ છે અને સરકારનો ચંચુપાત હોતો નથી. વિશ્વના શ્રેષ્ઠ નિષ્ણાતો દ્વારા અહિં અભ્યાસ કરાવવામાં આવે. જો અમદાવાદના આઈઆઈએમની વાત કરીએ તો તેની સ્થાપના અંતરિક્ષ વિજ્ઞાની ડો. વિક્રમ સારાભાઈ અને ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈના પ્રયાસોના કારણે કરવામાં આવી હતી. હાલ વસ્ત્રાપુર ખાતે તેના બે કેમ્પસ આવેલા છે. મહાનુભાવોમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન, જાણિતા ક્રિકેટ કોમેન્ટેટર હર્ષ ભોગલે, જાણિતા લેખક કે જેમના પુસ્તકો પરથી ‘ ટુ સ્ટેટ્સ’ જેવી ફિલ્મો બની હતી તેવા ચેતન ભગત, દેશના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણિયન સહિતના ચહેરાઓનો સમાવેશ થાય છે. અહિં સ્નાતકોત્તર કે જેને માસ્ટર ડિગ્રી કહેવાય છે તેવા, ડોકટરેટના અને એકઝીક્યુટીવ કક્ષાના અનેક અભ્યાસક્રમો ભણાવવામાં આવે છે. રાષ્ટીય સ્તરે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે જેનું નામ છે **Common Admission Test (CAT).**

**નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઇન (NID)**

અમદાવાદમાં પાલડી વિસ્તારમાં ટાગોર હોલની સામે આવેલી સંસ્થા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન એટલે કે એનઆઈડી વિશ્વની ટોચની ડિઝાઈન વિશે જ્ઞાન આપતી શૈક્ષણિક સંસ્થાઓ પૈકી એક છે અને તેમાં પ્રવેશ મેળવવો તે ગર્વ અને ગૌરવની વાત છે. તેની સ્થાપના ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી. અહિં બેચલર ઓફ ડિઝાઈન, માસ્ટર ઓફ ડિઝાઈન સહિતના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ ઉપરાંત લાંબા ગાળાના અને ટૂંકાગાળાના અનેક કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં અભ્યાસ કરનાર વિશ્વના ટોચના ડિઝાઈન પ્રોફેશનલ્સ તૈયાર થાય છે.

કોઈપણ જાતની રચનાત્મક ડિઝાઈન પછી તે કોઈ વસ્તુની હોય, ફર્નિચરની હોય તેની પાછળ એનઆઈડીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓનું ભેજુ હોઈ શકે છે. અલગ-અલગ ૨૦ પ્રકારની ડિઝાઈનના વિષયો ઉપર અહિં શિક્ષણ આપવામાં આવે છે. જેમાં કાપડ અને પોશાકની ડિઝાઈન, એનિમેશન ડિઝાઈન, ફિલ્મ અને વિડીયો કોમ્યુનિકેશન, સીરામીક અને ગ્લાસ ડિઝાઈન, ફર્નિચર અને ઈન્ટીરીયર ડિઝાઈન, ગ્રાફિક ડિઝાઈન, ડીજીટલ ગેમ ડિઝાઈન, ઈન્ફોર્મેશન ડિઝાઈન અને પ્રોડક્ટ ડિઝાઈનનો સમાવેશ થાય છે.

ઉદાહરણ આપું કે કોઈ મોટી સંસ્થાની બિલ્ડીંગનું ઈન્ટીરીયર ડિઝાઈન કે કોઈ પ્રખ્યાત કંપનીનો લોગો કે જે ચોક્કસ સંદેશ આપતો હોય અથવા તો આપણા ચલણી સિક્કાઓ અને નોટોની ડિઝાઈન પાછળ એનઆઈડીના વિદ્યાર્થીઓનું ભેજું હોય છે. લોકોનું જીવન ધોરણ સરળ બને, સ્ટાઈલીશ લાગે અને સાંપ્રત સમયમાં ઉપયોગી હોય તેવી દરેક ક્ષેત્રની ડિઝાઈનોનું જ્ઞાન એનઆઈડી ખાતે આપવામાં આવે છે. અહિં ભણેલા વિદ્યાર્થીઓને તોતીંગ પગારની નોકરી મળે છે અને ઘણાં તો સીધો જ વ્યવસાય ચાલું કરીને લાખો-કરોડો રૂપિયાની કમાણી કરતા હોય છે. ગુજરાતમાં અમદાવાદ ઉપરાંત ગાંધીનગર ખાતે તેનું કેમ્પસ છે. આ ઉપરાંત કર્ણાટકમાં બેંગ્લોર, આંધ્ર પ્રદેશમાં વિજયવાડા અને હરિણામાં કુરુક્ષેત્ર ખાતે એનાઈડી છે. અહિ પ્રવેશ મેળવવા માટે રાષ્ટ્રીય સ્તરે પ્રવેશ પરીક્ષા યોજવામાં આવે છે તેનું નામ છે ડિઝાઈન એપ્ટીટ્યુટ ટેસ્ટ (ડેટ) આપવાની રહે છે અને મેરીટના આધારે પ્રવેશ મળે છે.

**સેપ્ટ યુનિવર્સિટી (સેપ્ટ)**

સેપ્ટ યુનિવર્સિટી પહેલા **Center For Environment and Planning** તરીકે ઓળખાતી હતી અને અમદાવાદમાં ગુજરાત યુનિટવર્સિટી નજીક તેનું કેમ્પસ આવેલું છે. અહિં તમને આર્કિટેક્ચર અને બિલ્ડીંગ ડિઝાઈનના ઉત્તમમાં ઉત્તમ અભ્યાસક્રમો ભણાવવામાં આવે છે અને અહિં એડમિશન મળી ગયું એટલે સમજો કે તમે ટોચના આર્કીટેકટસમાં ગણના પામશો. અહિં તમને માનવ વસાહતો અને જાહેર સ્થળોનું બાંધકામ, આયોજન, ડિઝાઈન અને મેનેજમેન્ટ શીખવવામાં આવે છે. આ ઉપરાંત જાહેર રસ્તાઓ, બિલ્ડીંગ, તેની અંદરની સુવિધાઓ બાબતના સંશોધન અને પ્રોજેક્ટસ હાથ ઉપર લેવામાં આવે છે. સેપ્ટ દ્વારા બાંધકામ ક્ષેત્રમાં સલાહ પણ આપવામાં આવે છે. સેપ્ટમાં કુલ પાંચ ફેકલ્ટીઝ છે. સ્કૂલ ઓફ આર્કીટેક્ચરની સ્થાપના ૧૯૬૨માં કરવામાં આવી હતી તેમાં ખાનગી ક્ષેત્રની ઈમારતો બાબતે શિક્ષણ અપાય છે. ફેકલ્ટી ઓફ પ્લાનીંગની સ્થાપના ૧૯૭૨માં કરાઈ હતી અને તેમાં જાહેર ક્ષેત્ર વિશે શિક્ષણ અપાય છે. ફેકલ્ટી ઓફ ટેકનોલોજીમાં ઈજનેરી અને બાંધકામ કૌશલ્ય બાબતે અભ્યાસ કરવામાં આવે છે, ફેકલ્ટી ઓફ ડિઝાઈનમાં ઈન્ટીરીયર ડિઝાઈન વિશે કૌશલ્ય પ્રાપ્ત કરાવે છે જ્યારે આખરે ૨૦૧૩માં શરૂ થયેલી ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટમાં વસાહતો અને પ્રોડેક્ટનું મેનેજમેન્ટ કરવાની બાબતોનું શિક્ષણ આપે છે. આર્કિટેક્ચર અને ઈન્ટિરીયર ડિઝાઈનનો વ્યવસાય એવો છે કે ક્યારે બંધ થવાનો નહિ અને તમે નોકરી કરે કે વ્યવસાય તમને કરોડોની કમાણી કરી આપે છે. સમાજમાં તેઓનું ચોક્કસ સ્થાન અને મોભો હોય છે. ઈમારતો સ્થાવર હોય છે અને વર્ષોના વર્ષો સુધી તેનું અસ્તિત્વ હોવાથી કોઈપણ બાંધકાના પ્રોજેક્ટમાં તમારૂ નામ પેઢીઓ સુધી સંકળાયેલું રહે છે. ઉપર જણાવેલી તમામ ફેકલ્ટીઝમાં તમને સ્નાતક અને અનુસ્તાનક તેમજ ડોક્ટરેટ સ્તરના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે તેમાં પ્રવેશ માટે સેપ્ટ એન્ટ્રન્સ એક્ઝામ આપવાની રહે છે. ત્યારબાદ મેરિટના આધારે પ્રવેશ મળે છે. વધુ વિગતો માટે સેપ્ટની વેબસાઈટ ઉપર નજર કરી લેવી.

મિત્રો આ હતી અમદાવાદમાં સ્થિત સંસ્થાઓની વાત પરંતુ અમદાવાદ -ગાંધીનગર રોડ ઉપર ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ કે જે તમને હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રમાં નિષ્ણાત બનાવે છે અને તમે સેલિબ્રિટી શેફ બની શકો છો. અમદાવાદ -સાણંદ રોડ ઉપર માઈકા નામની સંસ્થા છે કે જ્યાં તમે એડવર્ટાઈઝીંગ અને કોમ્યુનિકેશન ક્ષેત્રમાં નિષ્ણાત બની શકો છો. આ ઉપરાંત ગાંધીનગર ખાતે આવેલી પીડીઈયુ, ડીએઆઈઆઈસીટી, આઈઆઈટી ગાંધીનગર, એનઆઈએફટી-ગાંધીનગર, કૌટિલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી, મેરિટાઈમ યુનિવર્સિટી, સ્વર્ણીમ સ્પોર્ટસ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી વગેરે છે. તેનો પરિચય આગલા લેખાંકમાં આપીશું.

### અમિત જેઠવા હત્યા કેસમાં હાઈકોર્ટનો મોટો ચૂકાદો

# અમિત જેઠવા હત્યા કેસમાં દીનુ બોઘા સોલંકી સહિત તમામ નિર્દોષ છૂટ્યા

**આરટીઆઇ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની ૨૦૧૦માં હત્યા કરાઈ હતી : દીનુ બોઘા સોલંકી મુખ્ય આરોપી હતા**

અમદાવાદ, તા.૭

અમદાવાદમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની વર્ષ ૨૦૧૦માં હત્યા કરવામાં આવી હતી જેમાં ભાજપના નેતા દીનુ બોઘા સોલંકી સામે આ હત્યાકાંડમાં સામેલ હોવાના આરોપ થયા હતા. હવે આ કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે અને દીનુ બોઘા સોલંકી સહિત તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં આવતી કાલે વોટિંગ થવાનું છે ત્યારે આ મહત્ત્વનો ચુકાદો આવ્યો છે. અમિત જેઠવાને ગુજરાત હાઈકોર્ટની સામે જ ગોળી મારવામાં આવી હતી અને તે સમયે સૌથી ચકચારી કેસ હતો.

ગુજરાત હાઈકોર્ટમાં ભાજપના નેતા અને ભૂતપૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકીને મોટી રાહત મળી છે. અમિત જેઠવા હત્યા કેસમાં પકડાયેલા દીનુ બોઘા સોલંકી સહિત તમામ આરોપીઓનો છૂટકારો થયો છે. અન્ય આરોપીઓમાં શૈલેષ પંડ્યા, ઉદાજી ઠાકોર, શિવા પચાણ, શિવા સોલંકી, બહાદુરસિંહ વાઢેર (પોલીસ કોન્સ્ટેબલ) અને સંજય ચૌહાણ સામેલ હતા.

હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એવો મત રજુ થયો હતો કે તપાસ એજન્સીઓ અને પ્રોસિક્યુશન સત્યની શોધ કરી શકી નથી. ૨૦૧૦માં આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યા કરાઈ હતી. ત્યાર પછી હત્યામાં સામેલ હોવાના આરોપસર દીનુ બોઘા સોલંકીની પણ ધરપકડ કરાઈ હતી. હાલમાં દિનુ બોઘા સોલંકી જામીન પર બહાર હતા.

આખા કેસની વાત કરીએ તો ૨૦ જુલાઈ ૨૦૧૦ના રોજ હાઈકોર્ટ સામે લગભગ સાડા આઠ વાગ્યે અમિત જેઠવાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જેઠવા તે દિવસે હાઈકોર્ટમાં એફિડેવિટ કરવા માટે આવ્યા હતા કે ભાજપના નેતા દીનું બોઘાથી તેમના જીવને જોખમ છે. હત્યા બાદ અમિત જેઠવાના પિતા ભીખાભાઈ જેઠવાએ ગીર સોમનાથના પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી સહિત ૭ લોકો સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. આ મામલો એટલો વિવાદાસ્પદ હતો કે તેમાં તપાસ કરવા SITની રચના થઈ હતી અને સુરેન્દ્રનગરના તત્કાલીન SPને તપાસની જવાબદારી સોંપવામાં આવી. ત્યાર બાદ ભીખાભાઈ જેઠવાએ આ કેસની તાપસ CBIને સોંપવાની માગણી કરી. કોર્ટે તેને માન્ય રાખી હતી અને ૨૦૧૨થી કેસની તપાસ CBIને સોંપવામાં આવી હતી. સપ્ટેમ્બર ૨૦૧૦માં દીનુ બોઘાના ભત્રીજા શિવા સોલંકીની ધરપકડ કરવામાં આવી અને સાડા ચાર વર્ષ જેલમાં રહ્યા બાદ તેને જામીન મળ્યા. ૫ નવેમ્બર ૨૦૧૩ દિવસે ગીર સોમનાથના પૂર્વ મ્ત્નઁ સાંસદ દીનું બોઘા સોલકીની ધરપકડ કરવામાં આવી. તેઓ સાડા ત્રણ મહિના જેલમાં રહ્યા અને પછી જામીન મળ્યા. સુરેન્દ્રનગર જિલ્લાનો શાર્પ શૂટર શૈલેષ આ કેસમાં હજુ જેલમાં છે. ડિસેમ્બર ૨૦૧૩માં આ કેસમાં પ્રથમ ચાર્જશીટ કરવામાં આવી, ત્યારબાદ સપ્લીમેન્ટરી ચાર્જશીટ કરવામાં આવી છે. આ કેસમાં દીનુ બોઘા સોલંકી નિર્દોષ છુટી ગયા તેનું કારણ એ છે કે મોટા ભાગના સાક્ષી હોસ્ટાઈલ થયા છે. આ કેસમાં સાક્ષીઓ પર જોખમ હોવાથી કોર્ટે ૧૮ સાક્ષીઓને ૨૪ કલાક પોલીસ સુરક્ષા આપી હતી.



ભીખાભાઈ જેઠવાએ વર્ષ ૨૦૧૬માં હાઈકોર્ટમાં અરજી કરી હતી અને રિટ્રાયલની માગણી કરી હતી જે માન્ય રહી હતી. આ કેસમાં અમિત જેઠવા તરફથી કોર્ટમાં આનંદ યાજ્ઞિક વકીલ તરીકે હાજર રહ્યા હતા જ્યારે દીનુ બોઘા સોલંકી તરફ રાજેશ મોદી વકીલ હતા. CBI તરફથી મુકેશ કાપડિયા વકીલ હતા.

### પાંચ દિવસ માટે હીટવેવ વોર્નિંગ

# અમદાવાદમાં ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. તો બીજી બાજુ મંગળવારે લોકસભા ચૂંટણી માટેનું મતદાન ચાલુ છે. જેના કારણે ગુજરાતની હવામાં જ હાલ ગરમાવો દેખાઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આગામી પાંચ દિવસ કેટલાક જિલ્લાઓમા હીટવેવની વોર્નિંગ આપવામાં આવી છે. આ સાથે અમદાવાદમાં પણ ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવની ગઈકાલની આગાહી પ્રમાણે, ગુજરાતમાં ૨૪ કલાક દરમિયાન વાતાવરણ યથાવત રહેશે જે બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાશે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૯.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૮.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાનની વાત કરીએ તો અમરેલી અને ભાવનગરમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. જ્યારે આગામી ૨૪ કલાકમાં એટલે કે મતદાનના દિવસે અમદાવાદમાં ૪૨ ડિગ્રીની આસપાસ, ગાંધીનગરમાં ૪૦ ડિગ્રી, જ્યારે સુરતમાં ૩૯ ડિગ્રી આસપાસ, રાજકોટમાં ૪૦ ડિગ્રી, કચ્છ ૪૧ ડિગ્રીની આસપાસ નોંધાશે. સામાન્ય રીતે મહત્તમ તાપમાન બેથી ચાર વાગ્યા સુધીમાં મેક્સીમમ હોય છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગમી પાંચ દિવસ માટે ગુજરાતનું તાપમાન શુષ્ક રહેશે. રાજ્યમાં હીટવેવ વોર્નિંગ આપવામાં આવી છે. આજે હીટવેવની વાત કરીએ તો પોરબંદર, દીવ, ભાવનગર, સુરતમાં આગાહી છે. જ્યારે બીજાથી પાંચમા દિવસ માટે દીવ, ભાવનગર અને સુરતમાં હીટવેવની વોર્નિંગ આપવામાં આવી છે.

અમદાવાદ સહિત ગુજરાતમાં મતદાનના દિવસે ગરમીનો પારો વધવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ચૂંટણીપંચ દ્વારા મતદાન મથકો પર પુરતી વ્યવસ્થા તો કરવામાં આવી છે પરંતુ કાળઝાળ ગરમીથી બચવા તબીબોએ આરોગ્યની તકેદારી સાથે મતદાનની અપીલ કરી હતી. ખાસ કરીને સગર્ભા મહિલાઓ અને ડાયાબીટીસ, બીપી સહિતના દર્દીઓ અને વયોવૃદ્ધ લોકોને હિટ સ્ટ્રોકથી બચવા સવારના સમયે મતદાન કરવા સલાહ આપી હતી. તો સાથે જ સુતરાઉ કપડા પહેરવા તથા લીંબુ પાણી, છાશ અને શેરડીના રસ જેવા ઠંડક આપતા પીણાના સેવનની પણ સલાહ આપી હતી.

### કોંગ્રેસના મતોમાં એએપી ભાગલા નહીં પડાવે તેથી સ્થિતિ બદલાશે

# ગુજરાતની સાત બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

**રાજકોટ બેઠક ઉપર ભાજપના પરસોતમ રૂપાલા કડવા પાટીદાર છે : કોંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે**

રાજકોટ, તા.૭

લોકસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન ચાલુ છે. ત્યારે સવાલ એ છે કે, આ વખતની ચૂંટણીમાં કયો મુદ્દો ચાલશે? તો એનો સીધો સીધો જવાબ છે રાજકારણમાં સમાજકારણ. જીહાં, ચૂંટણી નજીક આવતા રાજનેતાઓને આખરે તો સમાજની જરૂર પડી. એટલે જ વિવિધ પક્ષના નેતાઓ ધાર્મિક કાર્યક્રમોનું બહાનું કાઢીને સંતો-મહંતોને બોલાવીને સમાજની સામે મોટા ભા થવાનો અને પોતાના પક્ષમાં લોકો મતદાન કરે તેવી અપીલો કરતા નજરે પડયા હતા.

ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છની કુલ ૮ લોકસભા બેઠક માટે આજે મતદાન ચાલુ છે. ચૂંટણીમાં ઉમેદવારની જ્ઞાતિ નેતાઓ માટે અને ટિકીટ આપતી વખતે મોવડી મંડળ માટે મહત્વની રહી છે અને તે જાણતા અજાણતા ચોક્કસ બેઠક પર ચોક્કસ જ્ઞાતિના ઉમેદવારો મેદાનમાં ઉતારાતા રહ્યા છે ત્યારે આ વખતે ઉમેદવારના પક્ષ, ઈમેજ વગેરે સાથે જો જ્ઞાતિનું પરિબળ અસરકારક બની શકે તો તે ખાસ કરીને રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર એ ચાર બેઠક પર તેની સંભાવના જણાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છની આ ચૂંટણીની વિશેષતા એ છે કે આ વખતે કોંગ્રેસના મતમાં આમ આદમી પાર્ટી ભાગલા પડાવશે નહીં. બન્ને વચ્ચે ગઠબંધન થયું છે. જે અન્વયે એકમાત્ર ભાવનગર બેઠક ઉપર ભાજપ સામે આમ પાર્ટીના ઉમેદવાર છે અને બન્ને કોળી જ્ઞાતિના છે. બાકીની તમામ સીટ ઉપર આ વખતે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. ઉલ્લેખનીય છે કે ગત ધારાસભા ચૂંટણીમાં રાજકોટ સંસદીય બેઠકની ૭ લોકસભા સીટ પૈકી ૪ ઉપર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સંયુક્ત મતો ભાજપના કરતા વધારે હતા પરંતુ, મતોના વિભાજનથી ભાજપને તમામ બેઠકો પર જીત મળી હતી.

રાજકોટ બેઠક ઉપર ભાજપના પરસોતમ રૂપાલા કડવા પાટીદાર છે જ્યારે સામે કોંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે. જ્યારે જામનગરમાં ભાજપના ઉમેદવાર જે સતત ત્રીજી વખત ચૂંટણી લડે છે તે પુનમબેન માડમ આહિર જ્ઞાતિના અને સામે કોંગ્રેસના આ વખતે ઉમેદવાર જે.પી.મારવિયા લેઉઆ પાટીદાર સમાજના છે અને તે કારણે તેને ખોડલધામના ચેરમેને કોંગ્રેસનો આભાર માન્યો હતો.

જુનાગઢમાં ભાજપના ઉમેદવાર કોળી જ્ઞાતિમાંથી છે ત્યારે કોંગ્રેસના ઉમેદવાર આહિર જ્ઞાતિના છે. સુરેન્દ્રનગર બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ચુંવાળીયા કોળી જ્ઞાતિના છે અને તે મુદ્દે શરૂઆતમાં તળપદાં જ્ઞાતિને અન્યાય થયાની વાત કરાઈ હતી. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર તળપદા કોળી સમાજમાંથી આવે છે. ઉલ્લેખનીય છે કે ખુદ ભાજપના પ્રચારનો કાર્યક્રમ જાહેર થતો તેમાં વિવિધ જ્ઞાતિ સમાજના સંમેલનોમાં હાજરી આપશે તેવા કાર્યક્રમો જ મુખ્ય હતા. ઉપરાંત વિવિધ સમાજોના આસ્થા કેન્દ્રોએ દર્શન કરવાનું પણ દરેક પક્ષના ઉમેદવારો ચૂંકયા નથી. પરંતુ, બીજી તરફ એ પણ હકીકત છે કે રાજકોટમાં એક સમયે મીનુ મસાણી જેવા પારસી અને ઉછરંગરાય ઢેબર જેવા નાગર બ્રાહ્મણ પણ સાંસદ તરીકે ચૂંટાયા છે.

### શાકભાજીના ભાવમાં પણ ઉછાળો

# ગરમી વધતા લીંબુ, ફૂદીનો, નારિયેળના ભાવમાં જંગી વધારો

**અસહ્ય ગરમીનાના કારણે લીંબુની માંગ વધારે છે : લીંબુનો હોલસેલ ભાવ ૧૦૦ રૂપિયા કિલો કરતા પણ વધી ગયો**

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં સતત વધી રહી છે ગરમી. વધતી જતી ગરમીમાં લોકો બોડીને હાઈડ્રેટ રાખવા માટે લીંબુ, ફૂદીનો, નારિયેળ જેવી વસ્તુઓના ભાવ અત્યારે સતત વધારી રહ્યાં છે. કારણકે, આ વસ્તુઓની બજારમાં સતત માંગ વધી રહી છે. ત્યારે આ સાથે જ કેટલીક શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જાણો ગરમીના લીધે શાકભાજીના ભાવ પર પડ્યો કેટલો અસર. મોટી કંપનીઓ દ્વારા ખેડૂતો પાસેથી એડવાન્સ ચાર માસ પહેલા બુક કરાવી દીધુ હોવાથી બજારમાં અ ઓછા આવી રહ્યા છે.જેના લીધે ભાવોમાં અસહ્ય ઉછાળો આવી ગયો છે. ગુજરાતમાં અસહ્ય ગરમીનાના કારણે લીંબુની માંગ સૌથી વધારે છે. જેને કારણે હાલ અમદાવાદની વાત કરીએ તો લીંબુનો હોલસેલ ભાવ પણ ૧૦૦ રૂપિયા કિલો કરતા પણ વધી ગયો છે. જેને શહેરના પશ્ચિમ વિસ્તારમાં લીંબુનો રીટેલ ભાવ ૧૮૦ થી ૨૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. સારી ક્વાલિટીના લીંબુ અમદાવાદમાં હાલ ૨૦૦ રૂપિયે કિલોમાં વેચાઈ રહ્યાં છે. ગરમીમાં તબીબો લીંબું પાણી, છાશ અને નાળિયેર પીવાનું કહી રહ્યા છે. તેવામાં એક લીંબુ રૂ.૧૫ થી ૨૦ માં પડી રહ્યુ છે.

લીંબુ પાણીનો ગ્લાસ પહેલા રૂ.૧૫ મળતો હતો તે અત્યારે રૂ.૨૦ મળી રહ્યો છે. છાશ એક ગ્લાસ રૂ.૧૦ મળતી હતી તે હાલમાં રૂ.૧૫ અને નાળિયેર પાણી રૂ.૪૦ મળતુ હતુ તે રૂ.૬૦ થી ૭૦માં મળી રહ્યું છે. એમાંય પાણી વાળા અને મલાઈ વાળા નાળિયેર એમ બે પ્રકારના નાળિયેર આવતા હોય વેપારી અલગ અલગ ભાવો લેવાનું ચાલુ કર્યુ છે. આમ મોંઘવારીના લીધે લોકોની હાલત કફોડી થઈ ગઈ છે. એમાં ખાંડના ભાવમાં કિલોએ રૂ.૨ નો વધારો થયો છે એટલે કે, રૂ.૪૦ કિલો મળતી ખાંડ હાલમાં રૂ.૪૨ કિલો મળી રહી છે.

ઉનાળાની ગરમીએ આખા મહારાષ્ટ્રને ધગધગતી ભઠ્ઠીમાં ફેરવી નાખતા લીલા શાકભાજીની આવકમાં ઘટાડો થવાથી ભાવમાં ભડકો થયો છે. નવી મુંબઈની એ.પી.એમ.સી. (એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમિટિ)ની જથ્થાબંધ બજારમાં ફણસી, ફલાવર, કાકડી, સરગવાની શિંગ, કોથમીર, મેથી, મૂળા, પાલક અને વટાણાના ભાવ ઝડપથી ઉંચે ચડવા માંડયા છે.

પહેલા પાક થયા બાદ તેના ભાવો બજારમાં પડતા હતા. જયારે અત્યારે એડવાન્સમાં ભાવો પાડીને જો સીધા ખેડૂતોને નાણાં ચૂકવી દેવામાં આવી રહ્યા છે.જેના લીધે હોલસેલ માર્કેટમાં જેટલી જરૂરિયાત હોય તેના ચાલીસ ટકા આવી રહ્યા છે. આટલુ જ નહીં અત્યારે ખેડૂતો એડવાન્સમાં નાણાં માગે છે. આજ રીતે દૂધના ભાવો વધતાની સાથે છાશના ભાવો પણ વધારી દેવામાં આવ્યા હતા. અત્યારે રૂ.૧૫ મળી રહી છે. આ પછી ફુદીના છાશ, પંજાબી છાશના નામે રૂ.૨૦ થી ૨૫ વેપારીઓ ગ્રાહકો પાસેથી ખખેરી રહ્યા છે.

### દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી કરી

# કરાવલ નગરથી ૧૫ ટન મિલાવટી મસાલા અને કાચો માલ જપ્ત

**આરોપી ખારી બાવલી, સદર બજાર, લોની ઉપરાંત આખા એનસીઆર અને અન્ય રાજયોમાં મિલાવટી મસાલાની સપ્લાય કરી રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૭

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે કરાવલ નગરમાં બે એવી ફેક્ટરીઓનો ભાંડાફોડ કર્યો છે, જ્યાં સડેલા ચોખા, લાકડાનું ભુસૂં અને કેમિકલ વડે ડુપ્લિકેટ મસાલા તૈયાર કરવામાં આવતા હતા. આ બંને ફેક્ટરીઓ દિલ્હીના કરાવલ નગરમાં છે. આ ઘટનામાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કરાવલ નગરથી ૧૫ ટન ડુપ્લિકેટ મસાલા અને કાચો માલ જપ્ત કર્યો છે. આરોપી ખારી બાવલી, સદર બજાર, લોની ઉપરાંત સમગ્ર એનસીઆર અને અન્ય રાજયોમાં ડુપ્લીકેટ મસાલાની સપ્લાય કરતા હતા. પોલીસની સૂચના પર ફૂડ સેફ્ટી વિભાગે મસાલાના સેમ્પલ લીધા છે. આરોપીઓની ઓળખ કરાવલ નગરના જ દિલીપ સિંહ ઉર્ફે બંટી (૪૬), મુસ્તફાબાદના સરફરાજ (૩૨) અને લોનીના ખુરશીદ મલિક (૨૪) તરીકે કરવામાં આવી છે.

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચને સમાચાર મળ્યા હતા કે નોર્થ ઈસ્ટ દિલ્હીમાં ઘણા મેન્યુફેક્ચરર અને દુકાનદારો અલગ-અલગ બ્રાંડના નામે ડુપ્લિકેટ મસાલા તૈયાર કરી તેને દિલ્હી-એનસીઆરમાં વેચી રહ્યા છે. ત્યારબાદ ક્રાઈમ બ્રાંચના નેતૃત્વમાં એક ટીમને આ રેકેટનો પર્દાફાશ કરવા માટે તૈયાર કરવામાં આવી. આ દરમિયાન કરાવલ નગરમાં ડુપ્લિકેટ મસાલા તૈયાર કરનાર બે ફેક્ટરીઓ પર રેડ પાડવામાં આવી. દરોડા દરમિયાન એક ફેક્ટરીમાંથી દિલીપ સિંહ અને ખુર્શીદ મલિક નામના બે લોકો મળી આવ્યા હતા. આ લોકો ભેળસેળવાળો મસાલો તૈયાર કરતા હતા. બંનેએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ટીમે તેમને પકડી લીધા હતા. પોલીસે જ્યારે ફેક્ટરીના સામાનની તપાસ કરી તો ખબર પડી કે સડેલા ચોખા, બાજરી, નારિયેળ, જાંબૂ, લાકડાનું ભુસૂં, કેમિકલ અને ઘણા ઝાડની છાલમાંથી મસાલા તૈયાર કરવામાં આવતા હતા. આ મસાલાને ૫૦-૫૦ કિલોના મોટા કટ્ટામાં ભરીને રાખવામાં આવતા હતા અને બજારોમાં વેચવામાં આવતા હતા. ટીમે ફૂડ એન્ડ સેફ્ટી ડિપાર્ટમેન્ટને સૂચના આપી. તેમણે ઘટનાસ્થળે પહોંચી નિરિક્ષણ કર્યું. આરોપીઓએ જણાવ્યું કે ખારી બાવલી અને સદર બજારથી મિલાવટી મસાલા પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને દેશના અલગ-અલગ રાજ્યોમાં મોકલવામાં આવતા હતા. કરાવલ નગરની આ બંને ફેક્ટરીઓ પર પોલીસની રેડમાં ૧૫ ટન ડુપ્લિકેટ મસાલા અને કાચો માલ મળી આવ્યો છે. તેમને ૫૦-૫૦ કિલોના કટ્ટામાં ભરીને રાખવામાં આવતા હતા. પોલીસનું કહેવું છે કે આરોપીઓંરીની પૂછપરછમાં ખબર પડ્યું કે મિલાવટી મસાલા દિલ્હીના મોટા મોટા બજારો સહિત આખા એનસીઆરમાં વેચવામાં આવતા હતા. તેમાં દિલ્હીના સદર બજાર અને ખારી બાવલી જેવા લોકપ્રિય બજાર પણ સામેલ છે.

### રાજ્યમાં આજથી વરસાદની અપેક્ષા

# ઉત્તરાખંડના ધગધગતા જંગલોને હવે ઈન્દ્રદેવ પાસેથી આશા

**ગયા વર્ષે ૧ નવેમ્બરથી અત્યાર સુધીમાં રાજ્યમાં જંગલમાં આગ લાગવાની ૯૧૦ ઘટનાઓ બની છે, જેના કારણે લગભગ ૧૧૪૫ હેક્ટર જંગલને અસર થઈ છે**

નવી દિલ્હી, તા.૭

ઉત્તરાખંડના દેહરાદૂનમાં જંગલમાં આગ હજુ પણ પ્રસરી રહી છે. હવે રાજ્યને ઈન્દ્રદેવથી થોડી રાહત મળવાની આશા છે. દેહરાદૂનમાં હવામાન કેન્દ્રના નિર્દેશક બિક્રમ સિંહે કહ્યું કે રાજયમાં ૭-૮ મે સુધી વરસાદની સંભાવના છે, જે ૧૧ મેથી વધશે. આનાથી જંગલની આગ ઓલવવામાં મદદ મળી શકે છે. બિક્રમ સિંહે કહ્યું કે કુમાઉ ક્ષેત્રમાં ૭ મેથી અને ગઢવાલ ક્ષેત્રમાં ૮ મેથી વરસાદ શરૂ થશે.મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ મુખ્ય સચિવ રાધા રાતુરીને તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એક સપ્તાહની નોટિસ આપવા અને જંગલમાં લાગેલી આગ પર નિયમિત દેખરેખ રાખવા માટે સૂચનાઓ આપવા જણાવ્યું હતું. પૌરી તહસીલના થાપલી ગામની રહેવાસી ૬૫ વષીય સાવિત્રી દેવીએ શનિવારે જોયું કે જંગલની આગ તેના ખેતર સુધી પહોંચી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે તે ખેતરમાં રાખેલા ઘાસના બંડલ લેવા ગઈ હતી, પરંતુ આગમાં ફસાઈ ગઈ અને બળી ગઈ.તેમને એઈમ્સ ઋષિકેશમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં રવિવારે વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પિથોરાગઢ જિલ્લાના ગંગોલીહાટ ફોરેસ્ટ રેન્જમાં આગ લગાડવા બદલ પીયૂષ સિંહ, આયુષ સિંહ, રાહુલ સિંહ અને અંકિત નામના ચાર લોકો વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા જારી કરાયેલા દૈનિક બુલેટિનમાં જણાવાયું છે કે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના જંગલોમાં આગ લાગવાની ૨૪ ઘટનાઓ નોંધાઈ છે, જેના કારણે ૨૩.૭૫ હેક્ટર જંગલને અસર થઈ છે.આ દરમિયાન સીએમ ધામીએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસરથી એક સપ્તાહ માટે તમામ પ્રકારના ઘાસચારાને બાળવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત શહેરી સંસ્થાઓને પણ જંગલોમાં અથવા તેની આસપાસનો ઘન કચરો બાળવા પર પ્રતિબંધ મૂકવા માટે કહેવામાં આવ્યું છે. ધામીએ શનિવારે રાજ્યમાં જંગલમાં આગ લાગવાની ઘટનાઓ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.તેમણે અધિકારીઓને પોતાની વચ્ચે સંકલન સાધવા અને એવી વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું કે જેથી જંગલની આગને વહેલી તકે કાબૂમાં લઈ શકાય. ઉત્તરાખંડના લોકોને સહકારની અપીલ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, 'વન સંપત્તિ આપણો વારસો છે, જેનું આપણે દરેક કિંમતે રક્ષણ કરવું પડશે.' ગયા વર્ષે ૧ નવેમ્બરથી અત્યાર સુધીમાં ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાની ૯૧૦ ઘટનાઓ બની છે અને લગભગ ૧૧૪૫ હેક્ટર જંગલને અસર થઈ છે.

### વંથલી તાલુકાનાં સુખપુર ગામે

# શ્રી સોરઠીયા આહિર ભાદરકા પરીવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા

## દરરોજ વિવિધ ધાર્મિક પ્રસંગો તેમજ રાત્રીનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અસંખ્ય ભાવિકોએ શ્રવણ કથાનો લાભ લીધો




(પ્રકાશ ભાદરકા દ્વારા)
જૂનાગઢ તા. ૭

શ્રી સોરઠીયા આહીર ભાદરકા પરીવારના પિતૃઓના ઋણનું બંધન વિમુકિત તથા દ્વારકાધીશ પરમાત્માની કૃપા, પ્રશન્નતા સિધ્ધી અર્થે તેમજ કુટુંબીજનોનાં અભ્યુદય અર્થે શ્રી સોરઠીયા આહીર ભાદરકા પરીવાર દ્વારા વંથલી તાલુકાનાં સુખપુર ગામે ખોડીયાર માતાજીનાં મઢ (મંદિર) ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તા. ૨૯-૪-૨૪ થી તા. ૫-૫-૨૪ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં વ્યાસપીઠ ઉપર (નાગલપુર નિવાસી) વકતા શાસ્ત્રીશ્રી હિતેષભાઈ વોરા બીરાજી ભાગવત કથાનું પાવન પ્રસંગોનું રસપાન પોતાની સંગીતમય મધુર શૈલીમાં કરાવ્યું હતું. કથા શ્રવણ કરવા આવનાર ધર્મપ્રેમીજનો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

આ કથા દરમ્યાન હેમાદ્રી શ્રવણ, પોથીયાત્રા, શ્રી નૃસિંહ અવતાર, શ્રી વામન અવતાર, શ્રી રામ અવતાર, શ્રી કૃષ્ણ પ્રાગટય, શ્રી રૂક્ષ્મણી વિવાહ, શ્રી પરીક્ષીત મોક્ષ જેવા અનેક વિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ તા. ૫-૫-૨૪ રવીવારનાં રોજ કથાનો વિરામ થયેલ હતો. આ ઉપરાંત શ્રી ગણેશ સ્થાપના, શ્રી કપીલ પ્રાગટય, શ્રી ગોવર્ધન પુજા, શ્રી સુદામા ચરિત્રનાં પ્રસંગો પણ કથા દરમ્યાન આવરી લેવામાં આવ્યા હતાં. ભાગવત સપ્તાહ દરમ્યાન રાત્રીનાં ૯ થી ૧૨ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ખીમપાદર દ્વારા ધુન સંગીત કાર્યક્રમ, કીર્તન મંડળ, નાગલપુર દ્વારા કીર્તન સંગીત કાર્યક્રમ, આહીરાણી મહારાસ ભાદરકા પરીવાર બહેનોનો સંગીત રાસ, કાન ગોપી મંડળ અખોદર તથા રાજકોટ દ્વારા કાન ગોપી સંગીત કાર્યક્રમ તેમજ શનિવારનાં રોજ નાજાભાઈ ભાદરકા (લોકસાહિત્ય, હાસ્ય), હેતલબેન વાઢીયા (લોક ગાયીકા), વિજયભાઈ મોકરીયા (લોકગાયક), સાંજીદા રાજુભાઈ મીર, યુનીસ મીર ગૃપ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. આ કથા દરમ્યાન મંડપ સર્વિસ તથા લાઈટીંગની વ્યવસ્થા દ્વારકેશ મંડપ સર્વિસ નાગલપુર દ્વારા તેમજ ડીજે સાઉન્ડ સર્વિસ સેજલ ડીજે સાઉન્ડ નાગલપુર દ્વારા કરવામાં આવી હતી.

આ ભાગવત કથાને સફળ બનાવવા માટે શ્રી સોરઠીયા આહીર ભાદરકા પરીવાર શ્રી ખોડીયાર માતાજી મઢ (મંદિર) સુખપુરનાં તમામ ટ્રસ્ટી તેમજ યુવા ટીમ અને આજુબાજુનાં ગામોનાં યુવા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકસભાની ચૂંટણીના મતદાનનો



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૭

રાષ્ટ્રના મહાપર્વ એવા લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને આજરોજ મંગળવારે ત્રીજા તબક્કાના મતદાનમાં જામનગર લોકસભા ક્ષેત્રમાં આવતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન પ્રક્રિયાનો શાંતિપૂર્ણ રીતે પ્રારંભ થયો છે. આજરોજ મતદાન પૂર્વે ગઈકાલે કતલની રાત હોવાથી રાજકીય પક્ષોના ઉમેદવારો તથા ટેકેદારો દ્વારા મતદારોને મનાવવા - રીઝવવા માટે સંપર્ક તેમજ દોડધામ કરવામાં આવી હતી. જાહેર પ્રચાર બંધ થતાં ગઈકાલે આખો દિવસ મતદારોનો લોક સંપર્ક કરાયો હતો.

જિલ્લામાં શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા પણ નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ હાથ ધરવામાં કોઈ કચાસ રાખવામાં આવી નથી. અહીં મતદાન સ્થળે ચકલું પણ ન ફરકી શકે તેવી સજ્જડ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ઠેર ઠેર એસ.આર.પી., તેમજ પોલીસના જવાનો ખડે પગે જોવા મળી રહ્યા છે.

ભાજપ તેમજ કોંગ્રેસના ઉમેદવારોના ટેકેદારો દ્વારા પોતાના વિસ્તારના મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે પ્રયાસો કરાયા હતા. ચૂંટણી તંત્ર તેમજ પોલીસ પ્રશાસન સાથે ઉમેદવારો પણ મહત્તમ મતદાન થાય તે માટે કમર કસી રહ્યા છે.

હાલ કાળજાળ ગરમીમાં બપોર પહેલા વધુમાં વધુ મતદાન થાય તે માટે ફકત કાર્યકરો જ નહીં પરંતુ મતદારો પણ મતદાન બુથ સુધી પહોંચે તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. હાલની પરિસ્થિતિમાં મતદાનને લઈને જિલ્લામાં કોઈ પણ સ્થળે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. મતદારોને મતદાન મથક સુધી પહોંચવા તેમજ મતદાન સંદર્ભે કોઈ હાલાકી ન થાય તે હેતુથી ફકત ઉમેદવારોના ટેકેદારો જ નહીં પરંતુ કાર્યકરો અને સરકારી કર્મચારીઓ પણ ખડે પગે રહ્યા હતા. જિલ્લાના તમામ ૬૩૪ મતદાન મથક પર વહેલી સવારે મતદાન થાય તે માટે મતદારો સ્વૈચ્છિક રીતે ઉમટી પડ્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી જી. ટી. પંડ્યા અને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ સવારથી તમામ મતદાન પ્રક્રિયા સુચારૂ રૂપે ચાલી હતી.

# કોડીનાર તાલુકાના અડવીથી પાંચ પીપળવા નવા પેવર રોડ બનાવવામાં અત્યંત લાપરવાહી : બે વર્ષ થયાં પણ પેવર ન બન્યો....!!

(નીરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૭

કોડીનાર તાલુકા ના અડવી થી પાંચ પીપળવા પેવર રોડ નું ખાત મુહુર્ત બે વર્ષ પહેલા કરવા માં આવ્યું હતું.પણ હજુ આ રોડ ઉપર પેવર થયો નથી.અને આ પેવર ની લંબાઈ માત્ર બે કી.મી.જ છે.

ડોળાસા નજીક ના પાંચ પીપળવા થી અડવી સુધી ના પેવર રોડ ની માંગણી વર્ષો જૂની છે.અને ગુજરાત સરકાર આ માંગણી સ્વીકારી ત્રણ કી.મી.ના રોડ ને મંજૂરી આપવા માં આવી હતી તે પૈકી એક કી.મી.તો સિમેન્ટ રોડ છે.જે એક વર્ષ પહેલા બની ગયો છે.પણ બે કી.મી.ના પેવર રોડ બનાવવા માં શા માટે ઠગા ઠૈયા કરવા માં આવે છે.તે લોકો ને સમજાતું નથી. લોકો કામ પૂરું કરવા ના સમય ની સરખામણી કરવા લાગ્યા કે બે કી.મી.નો પેવર રોડ બે વર્ષે પણ બન્યો નથી.તો સોમનાથ ભાવનગર સુધી ના સી.સી. ફોરટ્રેક રોડ જે ની લંબાઈ ૨૫૦ કી.મી.છે. જે પચીસ વર્ષ લાગે તો નવાઈ પામવા જેવું નથી. પાંચ પીપળવા થી અડવી સુધી નો રોડ મંજૂર થયો અબંબે બાદ માં ખાત મુહુર્ત થયું ત્યારે લોકો ખાસ કરી ને ખેડૂતો બહુ ખુશ થયા હતા.પણ આ ખુશી હવે ઓસરી ગઈ છે. એક કી.મી. સિમેન્ટ રોડ બન્યો છે ત્યાં બંને બાજુએ માટી નહિ પુરાતા છ ઈંચ ની કટ ના કારણે અનેક અકસ્માતો થયા છે. નવાઈ ની વાત તો એ છે કે કામ પૂરું થયું નથી પણ પ્રધાન મંત્રી સડક યોજના ના પાટિયા એક વર્ષ થી લાગી ગયા છે. જે પૂરું થયા પછી જ લગાવવા ના હોય છે.

# દેવભૂમિ દ્વારકા : દરિયાકિનારાની મધ્યમાં અજાડ ટાપુ ખાતે ચૂંટણી સામગ્રી સાથે પહોંચ્યો પોલિંગ સ્ટાફ



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકસભા ચૂંટણી અંતર્ગત અજાડ ટાપુ પર પ્રિસાઈડિંગ ઓફીસર, પોલિંગ ઓફીસર સહિતનો સ્ટાફ ઈવીએમ અને વીવીપેટ મશીન સહિતની સામગ્રી સાથે રવાના થયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે ટાપુ દરિયા કિનારાથી આશરે ૧૦ કિ.મી. દૂર છે. આ વિસ્તારના માત્ર ૪૦ મતદારો માટે તંબુ **(Tent)** માં મતદાન મથક તૈયાર કરવામાં આવે છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ ટાપુ પર એક મતદાન મથક સ્થાપિત કરવામાં આવે છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે.

પરિવહનનો એકમાત્ર રસ્તો બોટ છે, આ મતદાન મથક ખાતે મતદાન સ્ટાફને મોટા આસોટાથી ૧૩ કિ.મી. જેટલા રસ્તા મારફતે ગડુ વિસ્તાર પહોંચી ત્યાંથી બોટ મારફત અંદાજિત ૪.૩ નોટીકલ માઈલ દરિયાઈ મુસાફરી કરે છે અને મતદાન મશીનો સાથે તમામ જરૂરી સામગ્રી લઈ જાય છે.

# અમદાવાદમાં શ્રી હિતોત્સવનું ભવ્ય આયોજન

(નીરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૭

અમદાવાદમાં શ્રી રાધાવલ્લભ સંપ્રદાય પ્રવર્તકાચાર્ય વંશી અવતાર ગોસ્વામી શ્રીહિત હરિવંશ ચંદ્ર મહાપ્રભુજી નો ૫૫૧ મો પ્રાગટ્ય મહોત્સવ યોજાશે જેમાં શ્રી રાધાવલ્લભ સંપ્રદાય ગુરૂગાદી વિરાજીત ૧૮ માં શ્રી તિલકાયત અધિકારી ગોસ્વામી શ્રીહિત મોહિત મરાલજી મહારાજ ( શ્રી રાધાવલ્લભ મંદિર - શ્રીહિત વૃંદાવન ) તથા શ્રી રાધાવલ્લભ સંપ્રદાય ગુરૂગાદી પરંપરા માં ૧૯ માં યુવરાજ ગોસ્વામી શ્રીહિત શોભીત લાલજી મહારાજ ( શ્રી રાધાવલ્લભ મંદિર - શ્રીહિત વૃંદાવન ) તારીખ ૧૧ -૧૨ મે ૨૦૨૪ શનિવાર તથા રવિવાર ના રોજ પધારશે. જેમાં શનિવારે સાંજે ૫:૩૦ વાગ્યા થી શ્રીહિત રસ ચર્ચા , પદ ગાયન , ૭:૩૦ ભવ્ય શોભાયાત્રા તથા મહાપ્રસાદ અને રવિવારે સવારે ૧૧:૦૦ વાગ્યા થી શ્રીહિતોત્સવ વધાઈ ગાન તથા મહાપ્રસાદ નું આયોજન છે જેમાં સર્વે રસિકજનોએ આ ઉત્સવનો આનંદ લેવા ભાવભર્યુ હાર્દિક આમંત્રણ છે. આ ઉત્સવ ભાસ્કર રાય પંડ્યા કોમ્યુનિટી હોલ , સીમંધર રોડ , બોડકદેવ , અમદાવાદ ખાતે યોજાશે. વધુ માહિતી માટે સંપર્ક - મિતેષ ૭૨૨૮૮૧૭૦૦૭ , રોમલ ૯૮૭૯૫૫૯૮૦૪ , મયુર ૯૮૯૮૪ ૯૦૦૦૦નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગીર સોમનાથ જિલ્લામાં ચાર દિવ્યાંગ મતદાન મથક ઉભા કરાયા




વેરાવળ તા.૭

ગીર-સોમનાથ જિલ્લામાં ચુંટણી પંચની ગાઈડલાઈન અનુસાર અલગ અલગ વિશિષ્ટતા ધરાવતા મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.જે અંતર્ગત ચાર દિવ્યાંગ મથકો ઉભા કરાયા છે.

જિલ્લામાં વેરાવળ, રાખેજ, ઉના અને વેલણ ખાતે દિવ્યાંગ મતદાન મથક ઉભા કરવામાં આવ્યાં છે. જેમાં મતદારો માટે અલગ લાઈન તેમજ સહાયક સાથે વ્હીલચેરની વ્યવસ્થા કરાઈ છે. તેમજ દિવ્યાંગ મતદાન મથકના મતદારોને ધ્યાને રાખીને શણગારવામાં આવ્યું છે. વેરાવળ મતદાન મથકે ભૌમિકભાઈ જોષીએ મતદાન કરીને ચૂંટણીપંચ દ્વારા દિવ્યાંગ મતદાન મથકની વ્યવસ્થાઓની સરાહના કરતાં જણાવ્યું હતું કે, સુદ્રઢ વ્યવસ્થાઓના કારણે પાંચ મિનિટમાં વોટીગ પક્રિયા પૂર્ણ કરી છે. વધૂમાં નાગરીકોને બહોળી સંખ્યામાં બહાર આવીને મતદાન કરવા અનુરોધ કર્યો હતો. દિવ્યાંગ મતદારોને મતદાન અંગેની માહિતી મળી રહે તે મુજબના સાઈન બોર્ડસ લગાવાયા. અને પોલીંગ સ્ટાફની મદદ માટે તથા મતદાનની પ્રક્રિયા ઝડપી અને સરળ બને તે માટે વધારાના સ્ટાફની નિમણુંક પણ રાખવામાં આવ્યો છે. અને તમામ પોલિંગ સ્ટાફ સફેદ કલરના ટી શર્ટ તથા **ECI** ના લોગોવાળા (ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ) બેઝ સાથે ફરજ બજાવી રહ્યાં છે.

### યાત્રિકો સહેલાણીઓ આનંદો...

# દ્વારકાની ગોમતી નદીને જોડતાં સુદામા સેતુ પુલ ખુલવાના સંકેત




(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૭

દ્વારકાની પવિત્ર ગોમતી નદીના બંને કાંઠાને જોડતા તેમજ દ્વારકાધીશ મંદિર બાદ પ્રવાસીઓનું પ્રથમ આકર્ષણ સમા સુદામા સેતુ

## ટેકનીકલ ઈન્સપેકશન બાદ સુદામા સેતુ ખૂલ્લો મૂકાશે : ધનરાજભાઈ

ખૂલ્લો મૂકવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ તથા રિલાયન્સ ગ્રૂપના ધનરાજભાઈ નથવાણીએ ગઈકાલે યાત્રાધામ દ્વારકા ખાતે જગતમંદિરમાં કાળિયા ઠાકોરજીના દર્શન બાદ પત્રકારોને સંબોધતા જણાવેલ કે લાંબા સમયથી સુદામા સેતુ બંધ હોય જેના ટૂંક સમયમાં જ ટેકનીકલ ઈન્સપેકશન કરાયા બાદ તેને ખૂલ્લો મૂકવા તજવીજ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી દુર્ઘટના બાદ આશરે બે વર્ષ જેટલા સમયગાળા સુધી સુદામા સેતુ બંધ રહ્યો હોય જેના કારણે યાત્રાધામનું પ્રથમ પર્યટન આકર્ષણ સમા સુદામા સેતુની મુલાકાતથી દરેક યાત્રિકે વંચિત રહેવું પડતું હતું. દરરોજનાં આશરે પાંચ હજારથી વધુ પર્યટકોને અવરજવરવાળા બ્રિજ બંધ રહેતા સેકંડો લોકોને રોજગારીનો પ્રશ્ન થયો હતો જે હવે સુદામા સેતુ પુનઃ ખૂલતાં દૂર થશે અને પ્રવાસીઓને પર્યટન માટેનું નજરાણું પુનઃપ્રાપ્ત થશે.


# દ્વારકાનાં સખી મતદાન મથક પર સાધુ-મહાત્માઓએ મતદાન કર્યુ



(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૭

આજે જામનગર લોકસભા ૧૨ ની બેઠક વિસ્તાર મા આવેલ તીર્થ ધામ દ્વારકા માં આજે સવાર થી જ દ્વારકા નાં સખી મતદાન મથક પર સાધુ મહાત્મા ઓ અને ભિક્ષા વૃત્તિ કરતા લોકો દ્વારા પવિત્ર મતદાન કરી દિવસ ની શરૂઆત કરવામાં આવી હતી. અહી દર વખત સાધુ મહાત્માઓ જ પ્રથમ મતદાન કરવા આવી ફરજ નિભાવતા હોય છે.તેમ આ પરંપરા આ વખતે પણ ચાલુ રાખવામાં આવી છે.

# દ્વારકા શહેર ભાજપ પ્રમુખે મતદાન કરવા અપીલ કરી




(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૭

આજે લોકસભાની ચૂંટણી માટે દ્વારકા શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ બુજડ દ્વારા વહેલી સવારે પ્રથમ મતદાન ની શરૂઆત કરી અને દ્વારકાના નગરજનોને અપીલ તરીકે દેશનું ભાવિ ભવિષ્ય નક્કી કરવાનો અધિકારનો ઉપયોગ કરી આજે વહેલામાં વહેલી તકે મતદાન કરવું.

# ગીર સોમનાથ જિલ્લામાં ૨૮ સખી મતદાન મથક ઉભા કરાયા

## સમાન સાડી પહેરીને સખી મતદાન મથકનુ સમગ્ર સંચાલન મહિલાઓ દ્વારા કરાયુ એ અમારા માટે ગર્વની બાબત:નયનાબેન સોલંકી

વેરાવળ તા.૭

જિલ્લા મહિલાઓ મતદારો બહોળી સંખ્યામાં મતાધિકારનો ઉપયોગ કરીને બહોળી સંખ્યામાં મતદાન કરે તે માટે જિલ્લામાં ૨૮ સખી મતદાન મથક બનાવવામાં આવ્યાં છે.

સોલંકી નયનાબેનએ સખી મતદાન મથક પર મતદાન કરીને પોતાનો પ્રતિભાવ વર્ણવતા જણાવ્યુ હતુ.કે,ચૂંટણીપંચ દ્વારા મહિલાઓ માટે સખીમતદાન મથકની ઉભુ કરવામાં આવ્યુ છે.અહી મહિલાઓ સમાન સાડી પહેરીને સખી મતદાન મથકનુ સમગ્ર સંચાલન મહિલાઓ દ્વારા કરાયુ એ અમારા માટે ગર્વની બાબત છે.વધુમાં તેમણે લોકશાહિના પર્વને શાંતિપૂર્ણ રીતે ઉજવવા અને મતદાન કરવા અપિલ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે તમામ પોલિંગ સ્ટાફ **ECI** ના લોગોવાળા (ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ) બેઝ સાથે ફરજ બજાવી હતી.સખી મતદાન મથકો પર મતદાન સ્ટાફ તેમજ પોલીસ / સુરક્ષા કર્મચારીઓ સમગ્ર સ્ટાફ મહિલાઓ સંચાલિત છે.તેમજ મહિલા સશક્તિકરણની થીમને




ધ્યાને રાખી પોસ્ટર્સ-બેનર્સ લગાવાયા છે તેમજ રંગોળી અને તોરણ બાંધીને મતદાન મથકોને શણગારવામાં આવ્યા છે.

મતદાનને પ્રોત્સાહિત કરવા સ્કીમ જાહેર કરાઈ

# ઉપરકોટ કિલ્લામાં એન્ટ્રી, ફૂડ, ગેમ્સ તથા સર્વિસીસ ૩ સાથે ૧ ફ્રી











(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭

લોકસભાના મતદાન ઉપલક્ષે ઉપરકોટ કિલ્લા, મહાબત મકબરા, એન્ટીક કોઈન મ્યુઝીયમ - મજેવડી ગેટ તથા સરદાર ગેટ ગેલેરીની પ્રવેશ ટિકિટ ઉપર ૩ સાથે ૧ ફ્રીની ઘોષણા કરવામાં આવી છે. તેની સાથો-સાથ આ જગ્યાઓ એ ઉપલબ્ધ તમામ સેવાઓ તથા અન્ય ઘણી પ્રોડકટ્સ ઉપર ૩ સાથે ૧ ફ્રીની સ્કીમ તા.૭ મે ૨૦૨૪ સુધી લાગુ રહેશે. સવાણી હેરીટેજ કઝર્વેશન પ્રાઈવેટ લિમિટેડના જનરલ મેનેજર રાજેશ તોતલાણીએ જણાવ્યું કે ગુજરાત ટુરિઝમ તથા જૂનાગઢ મહાનગરપાલિકાના સહયોગથી મતદાનને પ્રોત્સાહિત કરવા માટે અમે આ સ્કીમ જાહેર કરી છે. આંગળી ઉપર મતદાન ચિહ્ન તથા ઓળખ કાર્ડ બતાવવા ઉપર ૩ સાથે ૧ ફ્રી મળશે. જેમાં એન્ટ્રી ટિકિટ, ઈ વ્હીકલ, લોકર, છત્રી, ગાઈડ્સ સર્વિસીસ, સાયકલ હોય કે દાબેલી, સોડા, ફ્રેન્ચ ફ્રાઈસ હોય કે ગેમ્સ હોય આ બધા ઉપર મતદાન કરેલા જાગૃત નાગરિકો આનો લાભ લઈ શકશે. દરેક નાગરિકને અમારી અપીલ છે કે તમે પોતાનો મત પોતાની પ્રાથમિક ફરજ સમજીને ચોક્કસપણે આપો અને ભારત દેશના આર્થિક, સામાજિક અને સર્વાંગી વિકાસમાં તમારો ફાળો આપવા એક યાદીમાં જણાવેલ છે.

## સ્વામિનારાયણ સંતોએ મતદાન કર્યું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ કોલેજ રોડ, જુનાગઢ તેમજ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ જ્ઞાનબાગ, જૂનાગઢના પરમ વંદનીય સંતો પૂજ્ય શ્રી જ્ઞાનસ્વરૂપદાસીજી સ્વામી, પૂજ્ય શ્રી પ્રીતમદાસજી સ્વામી, પૂજ્યશ્રી હરિ નારાયણદાસજી સ્વામી, પૂજ્ય શ્રી ઋષિકેશદાસ સ્વામી તેમજ બંને ગુરૂપૂર્ણિમા સર્વે સંતો દ્વારા ભારતીય સંસ્કૃતિના રખેવાળ સરકારને મતદાન કરવામાં આવેલ હતું.

## વંથલી પાસે પરાળનાં ભૂકાની આડમાં હેરાફેરી, દારૂ, બીયર ભરેલ બોલેરો પકડાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૭

વંથલી પાસે કટીંગ થાય તે પહેલાં પોલીસે પરાળનાં ભુકાની આડમાં હેરાફેરીનો પર્દાફાશ કરી ૪.૨૪ લાખના દારૂ, બીયર ભરેલી બોલેરો પકડી લઈ ૮.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઈંગ્લિશ દારૂ ભરેલ જીજે-૦૩-બીવી-૯૪૩૬ નંબરના બોલેરો પીકઅપ વાહન સેલરા ગામથી સોનારડી ગામ તરફ જતી ગારીમાં ગયું છે અને ત્યાં દારૂનું કટીંગ થવાનું છે એવી બાતમી મોડી રાત્રે મળતા વંથલીના પીએસઆઈ વાય. બી. રાણા, એએસઆઈ એન.એમ. વાઢેર સહિતના પોલીસ સ્ટાફે દોડી જઈને તપાસ કરતા બોલેરો રેઢું મળી આવતા તલાશી દરમ્યાન વાહનમાં પરાળનાં ભૂકા નીચેથી રૂપિયા ૩,૯૩,૬૦૦ના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા રૂપિયા ૩૧,૨૦૦ની બીયરની ૧૩ પેટી મળી આવતા પોલીસે દારૂ, બીયર અને બોલેરો સહિત કુલ રૂપિયા ૮,૭૪,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. અત્રે નોંધનીય એ છે કે, જૂનાગઢ જિલ્લામાં દેશી અને વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી હોય જેથી પોલીસે કડક કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. જેથી બૂટલેગરોમાં પણ ફફડાટ ફેલાયો છે. તેમજ વિવિધ જગ્યાએ દરોડા પાડી દેશી દારૂની ભઠ્ઠીઓ પકડાય છે. અને મુદ્દામાલ કબજે આગળની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### જૂનાગઢ : ગળાફાંસો ખાતા વૃધ્ધનું મૃત્યું

જૂનાગઢ તા. ૭

જૂનાગઢ આદર્શનગર-૨માં રહેતા જાનકીદાસ રઘુરામ મેસવાણીયા (ઉ.વ. ૭૨)એ કોઈપણ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાતા મૃત્યું નિપજયું છે.

## સવારે ગરમી ઓછી લાગી, દિવસ દરમ્યાન ૪૦.૨ ડિગ્રી તાપમાન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭

જૂનાગઢ સહિત સોરઠમાં સવારે ઘટાડો થાય બાદ બપોરે તાપમાનનો પારો ૪૦.૨ ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. પરંતુ વાદળછાયું વાતાવરણ રહેતા ગરમી ઘટી હતી. રવિવારની સવારે શહેરનું લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી અનેરાત્રિનું તાપમાન ૨૭.૬ ડિગ્રી રહ્યા બાદ સોમવારે લઘુતમ તાપમાનનો પારો ઘટીને ૨૫.૭ ડિગ્રી નોંધાયું હતું. સવારનું તાપમાન ઘટવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૦ ટકાએ પહોંચી જતા અને વાદળછાયું વાતાવરણ પણ થઈ જતા બફારો વધ્યો હતો. લઘુતમ તાપમાનની જેમ મહતમ તાપમાન સતત બીજા દિવસે પણ ૪૦.૨ ડિગ્રી રહ્યું હતું અને વાતાવરણમાં ભેજ ૨૮ થઈ જતાં ઉકળાટ વધ્યો હતો. જ્યારે પવનની ઝડપ પ્રતિ કલાકે વધીને ૭.૫ કિલોમીટરની થઈ ગઈ હતી.

## જૂનાગઢમાં મધુરમ પાસે ટ્રકે બાઈકને ટક્કર લગાવતા માથા ઉપર ટાયર ફરી જતા મહિલાનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં મધુરમ પાસે બાઈકને ટ્રકે ટક્કર લગાવતા માથા ઉપર ટાયર ફરી જતા મહિલાનું મોત થયું હતું અને બાઈક ચાલકને ઈજા થઈ હતી. આ અંગે મૃતક મહિલાના પુત્રએ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની ધોરણસરની તપાસ હાથ ધરી હતી. આ અંગેની પોલીસમાંથી મળતી વિહત મુજબ જૂનાગઢ શહેરમાં વણઝારી ચોક પાસે નવા નાગરવાડામાં આવેલ દાસારામ કોમ્પ્લેક્સમાં રહેતા મીનાબેન વસંતભાઈ ગઠીયા(ઉ.વ.૫૦) રવિવારની રાત્રે ૯-૩૦ વાગ્યાની આસપાસ જોષીપરામાં રહેતા તેના ઓળખીતા સલીમભાઈ ઈબ્રાહીમભાઈ સીડાની પાછળ જીજે-૧૧- જીજે-૭૦૦૩ નંબરની બાઈક ઉપર બેસીને વંથલી તાલુકાના ટીનમસ ગામે મરણના પ્રસંગે બેસવા જતા હતા. તે દરમ્યાન મધુરમ વંથલી રોડ ઉપર આવેલ મામાદેવના મંદિર પાસે પહોંચતા જીજે-૦૧-બીવી-૨૮૩૮ નંબરના ટ્રકના ચાલકે બાઈકને પાછળથી ટક્કર લગાવતા મીનાબેનનું માથા પર ટ્રકનું તોતિંગ ટાયર ફરી વળતા મૃત્યું નિપજયું હતું. જ્યારે તેની સાથેના સલીમભાઈને પણ ઈજા થઈ હતી. આ અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ ઉપરથી નાસી ગયો હતો. આ અંગે મૃતક મહિલાના પુત્ર મિતેશભાઈ ગઠીયાની ફરિયાદ લઈ સી ડિવિઝન પોલીસે ટ્રક ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી હતી.

